હિકાયંત લ…

હિમ

ભુજ—" સરસ્વતી :

હિકાયત લતીફ.

મૂળ ફારસી પરથી
ગુજરાતીમાં ટીકા સહિતં તૈયાર કરનાર

સાલેમહમદ અલારખ્યા મેમણ.

છપાવી પ્રગટ કરનાર,

"સરસ્વતી શૃંગાર" ઑફિસ.

ભુજ.

અમદાવાદ
આસ્તોડિયાની સડક ઉપર " આર્યોદય " પ્રેસમાં
અંબાશંકર બહેચરભાઇ વૈદ્યે છાપ્યું.

સંવત ૧૯૫૬——સને ૧૯૦૦.

કિંમત રૂ. ૦—૪—૦.

અર્પણ પત્રિકા.

આઝમ મહેરબાન—

ખાનબહાદુર પેસ્તનજી સોરાબજી ભુજવાળા.

ચીફ-પ્લેગ ઑફિસર સાહેબ બહાદુર.

પ્રાંત કચ્છ-મુ. ભુજનગર.

સાહેબ!

આપે આપની મોટી ઉદારતાવડે કચ્છ દેશની તમામ પ્રજાની
અત્યંત પ્રીતિ મેળવી છે, વળી આ દેશના પારસી
મંડળમાં આપ અગ્રેસર છો તથા વિદ્વાનોને
આશ્રય આપનાર અને
ગુજરાતી
ભાષામાં
શુદ્ધ
નીતિનાં પુસ્ત-
કોની વૃદ્ધિ થયેલી
જોવાને ઈન્તેજાર છો,
તેથી "હિકાયત લતીફ" નામનું
અસલ પુસ્તક જે આપના શૂરવીર વડવાઓની
સ્વભાષામાં રચાયલું છે, તેનું આ ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ
માનથી આપને અર્પણ કરતાં આનંદ
પામું છું.

કચ્છ-ભુજ.	આપનો આ. સેવક
તા. ૨૬-૭-૧૯૦૦	જીવરામ અજરામર ગોર.

પ્રસ્તાવના.

આ સમયમાં રસીક નૉવેલો અને નાટકો ઘણાં પ્રગટ થાયછે, પણ નિર્દોષ બાળકોનાં હાથમાં પણ મૂકી શકાય એવાં નીતિનો બોધ આપનાર નાની વાર્તાઓનાં પુસ્તક ઘણાં જૂજ છે. એવાં પુસ્તકોની જરૂરિયાત ઘણા પ્રાચીન કાળથી કબૂલ કરવામાં આવીછે, અને પંચતંત્ર વગેરે પ્રાચીન ગ્રંથો તેનો પૂરાવો છે. એવા કોઈ ફારસી નીતિબોધક વાર્તાના નાના પુસ્તકનું ભાષાંતર કરવા મને "સરસ્વતી શૃંગાર" માસિકના અધિપતિ કવિવર શ્રી જીવરામ અજરામર ગોર તરફથી સૂચના થતાં મેં આ પુસ્તકનું ભાષાંતર કર્યું અને તેની જાહેર ખબર પ્રગટ કરી. દરમ્યાન ભુજના રહીસ શેઠ ગોવિંદજી રામજીએ મને કહ્યું કે "મેં એ પુસ્તકનું ભાષાંતર કર્યું છે, અને તે હું પ્રગટ કરવાની ધારણા કરતો હતો, હવે તમે તે પ્રગટ કરવા ધારોછો, તેથી મારી તૈયાર કરેલી નોટ પણ હું તમને મોકલી દઇશ, તે તમને કાંઇ ઉપયોગી થાય, તો તેની મદદ લેજો." એમ જણાવી તે નોટ મને મોકલી આપી હતી, તેથી તેમનો તથા અત્રેના મિયાંજી અબ્દુલકાદર હામદમિયાં તરફથી પણ મને ઉપયોગી મદદ અને સૂચનાઓ મળી હતી, તેથી તેમનો આભાર માનુંછું.

આ "હિકાયત લતીફ"નું નાનકડું પુસ્તક હાઇસ્કૂલોમાં ફારસી ભાષા શીખવનારને શરૂઆતમાં શીખવવામાં આવે છે, તેથી અંગ્રેજી વિદ્યાર્થીઓને પણ થોડે અંશે ઉપયોગી થવા સંભવ છે.

આ વાર્તાઓ સરસ્વતી શૃંગારના પુસ્તક ૧ લાના અંક ૧ થી ૮ મા સુધી છપાયલી છે, અને પછી પુસ્તકાકારમાં છપાવવાનો હક્ક પણ મેં તે માસિકના માલેકને આપી દીધેલો છે.

તા. ૧-૮-૧૯૦૦.
ભુજ.

} સાલેમહમદ અલારખ્યા મેમણ.

हिकायत लतीफ.

(ફારસી ઉપરથી ગુજરાતીમાં ટીકા સહિત લખનાર)

સાલેમહમદ અલારખ્યા મેમણ.—ભુજ.

વાર્તા ૧ લી.

બે સ્ત્રીઓ એક બાળકને માટે તકરાર કરતી હતી અને તેમનો કોઈ સાક્ષી નહોતો. તેમણે કાઝી (ન્યાયાધીશ) પાસે જઇ ઈનસાફની માગણી કરી. કાઝીએ (હકીકત સાંભળી) ચંડાળને બોલાવ્યો અને તેને હુકમ કર્યો કે "આ બાળકના બે કટકા કર અને આ સ્ત્રીઓ-માંની દરેકને એકેક કટકો આપ." તે સ્ત્રીઓમાંની એકે જ્યારે આ શબ્દો સાંભળ્યા ત્યારે તે ચૂપ રહી, પણ બીજી (તે સાંભળતાંજ) મોટેથી પુકારી બોલી કે "ખુદાને વાસ્તે મારા બાળકના બે કટકા ન કરો; જો આવોજ ઈન્સાફ હોય! તો મારે છોકરો જોઇતો નથી!" (તે ઉપરથી) કાઝીએ ખાત્રીપૂર્વક ધાર્યું કે છોકરાની મા તેજ છે, એટલે તેણે તે સ્ત્રીને છોકરો સોંપ્યો અને બીજી સ્ત્રીને ફટકા મરાવી હાંકી કહાડી.

સાર—(૧) સત્ય શોધવા માટે અસત્ય યુક્તિ પણ કામે લગાડી શકાય. (૨) જૂઠા માણસો કોઈપણ યુક્તિથી પકડાઈ જાયછે. (૩) સત્ય સ્નેહ વિના ખરી લાગણી અને ભાવ હોઇ શકે નહિ. (૪) ખરી અણીના વેળાએ કૃતિમતા પાધરી થયા વિના રહે નહિ. (૫) અસત્યનો આશરો કરનાર અંતે ફજેત થઈ સજા પામેછે.

વાર્તા ૨ જી.

કોઈ શહેરમાં કપાસના મોટા ઢગલાની ચોરી થઈ, જેથી (તે) કપાસના વેપારીઓએ પાદશાહ પાસે ફરિયાદ કરી. પાદશાહે સઘળા પ્રકારની શોધ કર્યા છતાં ચોર પકડાયો નહિ, (ત્યારે) એક અમીરે અરજ કરી કે "જો મને હુકમ કરવામાં આવે તો હું ચોરોને શોધી કહાડું." પાદશાહે તેમ કરવાનો તેને હુકમ આપ્યો. (પછી તે) અમીર પોતાને ઘેર ગયો અને મિજમાની કરવાના બહાનાથી તે શહેરના મોટા અને તમામ માણસોને તેડાવ્યા. જ્યારે સઘળા એકઠા થયા અને પોતાની જગ્યાએ બેઠા, ત્યારે અમીર તે સભામાં આવ્યો અને દરેક માણસના ચહેરા જોઇ તે બોલ્યો કે "કેવા હરામજાદા, શરમવગરના અને બેવકૂફ માણસો છે કે તેઓ કપાસ ચોરીને મારી મિજલસમાં આવ્યાછે અને તે કપાસનાં પૂંબડાં હજી પણ તેઓની દાઢીમાં ચોંટી રહેલાં છે." આ સાંભળી કેટલાક માણસોએ તેજ પળે પો-તાને હાથે પોતાની દાઢી સાફ કીધી. તેથી માલમ પડ્યું કે તેઓજ ચોરછે. પાદશાહે અમીરની આ યુક્તિથી તેને શાબાશી આપી અને તેનાં વખાણ કર્યાં.

સાર—(૧) ન્યાય ખોળવામાં હાલ જેમ શાક્ષી પુરાવાજ માત્ર ઉપયોગી ગણાય છે

તેમ આગળ હાજરજવાબી જેવી યુક્તિઓ પણ કામે લગાડવામાં આવતી હતી. (૨) ગુન્હેગાર હમેશાં શંકાશીળ હોયછે, તેથી તે પોતાની ચોતરફ ભય તપાસેછે, અને બહુધા પોતાનીજ ગફલતથી તે પકડાઇ જાયછે.

વાર્તા ૩ જી.

એક વિદ્વાન માણુસે એક હજાર રૂપિયા એક વેપારીને અમાનત રાખવા આપ્યા, અને પછી તે મુસાફરીએ નીકળી ગયો. કેટલાક વખત પછી તે મુસાફરી કરી પાછો આવ્યો; ત્યારે તેણે તે વેપારી પાસેથી રાખેલા પૈસા માગ્યા; (તે) વેપારીએ કહ્યું કે "તું જૂઠું બોલેછે, તેં મને પૈસા આપ્યાજ નથી." વળી બીજા લોકોએ પણ તે વિદ્વાન માણસને ઠપકો આપ્યો કે "આ વેપારી પ્રમાણિક માણસ છે, તેણે કદીપણ અપ્રમાણિકપણું બતાવ્યું નથી. જો તું આ બાબતમાં તકરાર કરીશ તો સજા પામીશ." (તેથી) તે વિદ્વાન માણસ લાચાર થયો; (અને) તેણે પોતાનો હેવાલ કાગળપર લખી પાદશાહને બતાવ્યો. (તે વાંચી) પાદશાહે કહ્યું કે "જે વેપારીને તેં રૂપિયા આપ્યા છે, તે વેપારીની દુકાન પાસે ત્રણ દહાડા જઇને બેસ, પણ તેની સાથે કાંઇ બોલીશ નહિ; ચોથે દહાડે હું તે રસ્તેથી પસાર થઇશ, અને તને સલામ કરીશ. મને તું સલામ કરજે, પણ બીજું કાંઇ બોલીશ નહિ. જ્યારે ત્યાંથી હું પસાર થઇ જાઉં ત્યારે તારા પૈસાની તે વેપારી પાસે તું ઉઘરાણી કરજે, અને તે જે કાંઇ કહે તેની મને ખબર આપજે." (પછી) તે વિદ્વાન માણસ પાદશાહના હુકમ પ્રમાણે તે વેપારીની દુકાન પાસે જઇ બેઠો. ચોથે દિવસે પાદશાહ સવારી સહિત ત્યાંથી પસાર થયો. જ્યારે તેણે તે વિદ્વાન માણસને બેઠેલો જોયો, ત્યારે તેણે ત્યાં પોતાનો ઘોડો થોભાવ્યો ને તેને સલામ કરી. (તેથી) તે વિદ્વાન માણસે પણ સલામ કરી. (પછી) પાદશાહ બોલ્યો "હે! ભાઈ! તું શામાટે મારી પાસે કદીપણ આવતો નથી? અને તારી હાલ હકીકત કહેતો નથી?" (એ સાંભળી) તે વિદ્વાન માણસે પોતાનું માથું જરા નમાવ્યું, પણ બીજું કાંઇ બોલ્યો નહિ. તે વેપારી આ સઘળું સાંભળતો હતો અને મનમાં બીતો હતો. જ્યારે પાદશાહ ત્યાંથી પસાર થઈ ગયો કે તરત તે વેપારીએ તે વિદ્વાન માણસને પૂછ્યું કે "જ્યારે તેં મને પૈસા આપ્યા ત્યારે હું કઈ જગોએ હતો? અને કયો શખ્સ મારી પાસે બેઠેલો હતો? તે મને તું ફરીથી કહે. (કેમકે) કદાચ તે બાબતમાં હું ભૂલી ગયો હોઇશ." તેથી તે વિદ્વાન માણસે પોતાની હકીકત ફરીથી કહી, (ત્યારે) વેપારીએ જવાબ આપ્યો કે "તું સાચું કહેછે, હમણા મને યાદ આવ્યું." અર્થાત તેણે તે માણસને તેના હજાર રૂપિયા પાછા આપ્યા અને ઘણી માફ માગી.

સાર—(૧) જ્યાં શાક્ષી પૂરાવા ન હોય ત્યાં ન્યાયાધિશોતો શું પણ ખુદ પાદશાહો પણ સત્ય ખોળવા માટે જાતે કેટલીક કાળજી રાખતા હતા, તેનું આ એક ઉત્તમ દૃષ્ટાંત છે. (૨) જે કામમાં યુક્તિ નિષ્ફળ જાયછે ત્યાં કોઇવાર મરતબો ઉપયોગી થાય છે. (૩) અન્યજનોના હજારો ભાષણો જેટલું કરવાને શક્તિમાન થતા નથી, તેટલું રાજા કિંવા પાદશાહનો એક શબ્દ અથવા સહજ આચરણ કરી શકે છે!

વાર્તા ૪ થી.

(કોઇ) બેં માણસોએ પોતાનો માલ એક ડોશીને સોંપ્યો અને તેને કહ્યું કે "જ્યારે અમે બન્ને જણ સાથે પાછા આવશું, ત્યારે અમે અમારો માલ લઇ જઇશું." કેટલાક રોજ પૂછી તેમાંનો એક માણસ, તે ઘરડી સ્ત્રીપાસે આવ્યો અને તેને કહ્યું કે "મારો ભાગીદાર ગુજરી ગયો છે, માટે-હવે અમારો માલ મને આપી દે." (તેથી) તે સ્ત્રીએ લાચારીથી મજકુર માલ તેને આપી દીધો. થોડા દહાડા પછી બીજો માણસ આવ્યો અને તેણે તે (ડોશી)ની પાસેથી પોતાનો માલ માગ્યો, (ત્યારે) તે સ્ત્રી બોલી કે "તારો ભાગીદાર આવ્યો હતો તેણે કહ્યું કે "મારો ભાગીદાર ગુજરી ગયો છે માટે મને માલ આપ." (ત્યારે) મેં કેટલોક વાંધો લીધો, પણ તેણે મારૂં કાંઈ સાંભળ્યું નહિ ને સઘળો માલ લઈ ગયો." (તે સાંભળી) મજકુર શખ્સ તે સ્ત્રીને કાઝી પાસે લઈ ગયો અને ઈન્સાફ માટે અરજ કરી. કાઝીએ તેની અરજ સાંભળી થોડો વિચાર કર્યા બાદ જાણ્યું કે 'આ સ્ત્રી બિનગુન્હેગાર છે." તેથી તેણે ફરિયાદીને કહ્યું કે "તમે આ ડોશી પાસે માલ રાખ્યો, ત્યારે તમોએ (એવી) કબૂલાત, આપી છે કે "અમે બન્ને ભાગીદારો સાથે આવી અમારો માલ લઇ જઈશું." તો તારા બીજા ભાગીદારને બોલાવી લાવને તારો માલ લઇ જા; એકલો તું તે માલ કેમ લઈ શકીશ!" (આ સાંભળી) તે માણસથી કાંઇ જવાબ આપી શકાયો નહિ, તેથી તે ચાલ્યો ગયો.

સાર—(૧) કરાર વિરૂદ્ધ કાંઇપણ પગલું ભરવા પ્રથમ ચોકસ કારણો પ્રસિદ્ધ થવાં જોઇએ. (૨) કેટલાક લુચ્ચાં માણસો ભોળાં અને ગરીબ માણસોને ગળેપડી હેરાન કરેછે, તેમનાથી સાવધ રહેવું. (૩) યુક્તિબાજ માણસો એવા માણસોની લુચ્ચાઈ યુક્તિથી તોડી પાડેછે ત્યારે તેઓ ભોંઠા પડી ચાલ્યા જાયછે.

વાર્તા ૫ મી.

એક ગુલામ પોતાના ધણી પાસેથી નાશી ગયો હતો. થોડા વખત પછી તે ધણી બીજા શહેરમાં ગયો, ત્યાં તે ગુલામ તેને જોવામાં આવ્યો. તેણે તેને પકડ્યો અને પૂછ્યું કે "તું શા માટે નાશી ગયોછે?" (ત્યારે) તે ગુલામે તેના ધણીના લૂગડાનો છેડો પકડીને કહ્યું કે "તું મારો ગુલામ છે અને તું મારી પાસેથી ઘણો પૈસો ચોરી નાશી ગયો હતો, હવે તું મને માલૂમ પડ્યો તો હું તને સજા કરીશ!" અર્થાત્ તેઓ બન્ને કાઝી પાસે ગયા અને ઇન્સાફ માટે અરજ કરી. કાઝીએ તે બન્નેને બારી આગળ ઉભા રાખ્યા અને તેમને પોતાના માથાં-એકી વખતે-બારી બહાર કહાડવા કહ્યું. જ્યારે તેઓએ પોતાનાં માથાં બારી બહાર કહાડ્યાં, ત્યારે કાઝીએ ચંડાળને હુકમ કર્યો કે "ગુલામના માથાપર તલવાર માર!" ગુલામે આ શબ્દો સાંભળીને-બીકથી-પોતાનું માથું અંદર ખસેડ્યું અને ધણી પોતાની જગાએ જેમનો તેમ ઉભો રહ્યો. (પછી) કાઝીએ (તે) ગુલામને સજા કરી અને તેના ધણીને હવાલે કર્યો.

સાર—(૧) જ્યાં શાક્ષી પૂરાવાની ગેરહાજરી હોય ત્યાં યુક્તિજ માત્ર કામ કરી શકે છે, (વિશેષ વાર્તા બીજી પ્રમાણે).

વાર્તા ૬ ઠ્ઠી.

એક માણુસ ઘણો માલ એક સરાફને અમાનત રાખવા માટે સોંપી પોતે મુસાફરીએ નીકળી ગયો. જ્યારે તે પાછો આવ્યો ત્યારે તે માલ તે સરાફ પાસેથી તેણે પાછો માગ્યો. પણ સરાફે ના પાડી અને કસમ ખાધા કે, "તેં મને માલ સોંપ્યો નથી." (તેથી) તે માણુસ કાઝી પાસે ગયો, અને તેને પોતાનો હેવાલ કહ્યો. તેપરથી કાઝીએ વિચાર કરીને કહ્યું કે "તારો માલ જે સરાફ આપતો નથી, તે વાત તું કોઇને કહીશ નહિ. તે માલ હું તને અપાવવા યુક્તિ કરીશ." બીજે દિવસે કાઝીએ તે સરાફને બોલાવ્યો, અને કહ્યું, કે "એક મોટું કામ હમણા મારા હાથમાં આવી પડ્યુંછે. તે હું એકલો કરી શકતો નથી. તું પ્રમાણિક હોવાથી તને મારો નાયબ (મદદગાર) નીમવા ઇચ્છુંછું". સરાફે (તે વાતની) હા પાડી અને તે વખતે ઘણો ખુશી થયો. (પછી) જ્યારે તે પોતાને ઘેર ગયો ત્યારે કાઝીએ પેલા ફરિયાદીને બોલાવ્યો અને કહ્યું કે "હવે તારો માલ તે સરાફ પાસેથી તું માગજે, અને નક્કી તે તને આપી દેશે." તે પ્રમાણે તે માણુસ સરાફ પાસે ગયો. સરાફે તેને આવતો જોઇને કહ્યું કે "તું ભલે આવ્યો, હું તારા માલવિષે ભૂલી ગયો હતો, તે ગઈ રાતે મને યાદ આવ્યું." અર્થાત્ તેણે તેનો માલ તેને પાછો આપ્યો, અને (કાઝીનો) મદદગાર નીમવાના લોભમાં તેની પાસે ગયો. કાઝીએ તેને કહ્યું કે "આજે હું પાદશાહ પાસે ગયો હતો, (ત્યાં) મારા સાંભળવામાં આવ્યું કે તે નામદાર તને મોટો દરજ્જો આપવા માગેછે. જેથી તું ઇશ્વરનો આભાર માન કે તને હવે મોટો દરજ્જો મળશે, અને હવે હું મારા માટે બીજો મદદગાર શોધી લઇશ. અર્થાત્ કાઝીએ તેને આ બહાનું આપી વિદાય કર્યો.

સાર—(૧) જે માણુસો કસમ ખાય છે તે ઘણુંકરીને જૂઠા હોય છે; (૨) ઘણા કામો લાલચ-આશાથી પાર પડે છે; (૩) કેટલાક માણુસો અપ્રમાણિક છતાં પોતાનું વર્તન પ્રસિદ્ધ થવાથી પોતાને નુકસાન થશે, એમ ધારી પ્રમાણિક બને છે; (૪) જે સત્યને શોધી આપેછે, તેને અસત્ય ન ગણવું.

વાર્તા ૭ મી.

એક સ્ત્રીને પોતાની પાડોસણ સાથે દુશ્મની હતી. એક રાતે તેણે ઘણો દારૂ પીધો અને તે નિશામાં તેણે પોતાના બાળકને મારી નાખ્યું અને તેને પાડોસણના ઘરમાં ફેંકી દીધું. પછી સવારમાં તેણે તે (પાડોસણ)ના ઉપર તહોમત મૂક્યું કે "મારા બાળકને એ સ્ત્રીએ મારી નાખ્યું છે." અને તે (પાડોસણ)ને કાઝી પાસે લઇ ગઇ. કાઝીએ તહોમતદાર સ્ત્રીને પોતાના ખાનગી ઓરડામાં બોલાવી, અને તેને ઘણી બીક આપીને કહ્યું કે "તું સાચું બોલ નહિ તો હું તને મારી નાંખીશ." તે સ્ત્રીએ કસમ ખાઇને કહ્યું કે "આ બાબતમાં મને કશી ખબર નથી." (ત્યારે) કાઝીએ (તેને) કહ્યું કે "તું મારી પાસે નગ્ન થઇને ઉભી રહે, તો હું તારૂં બોલવું સાચું માનું." ત્યારે-તે સ્ત્રીએ શરમાઈને પોતાનું માથું શરમથી નીચું કીધું અને બોલીકે "મને મરવું કબૂલ છે, પણ હું કદી નગ્ન થનાર નથી!"

(પછી) કાઝીએ તેને બહાર કહાડી અને ફરિયાદ કરનાર સ્ત્રીને બોલાવીને કહ્યું કે "જો તું મારી રૂબરૂ નગ્ન થાય, તો હું તારૂં કહેવું સાચું માનું." ત્યારે તે સ્ત્રીએ નગ્ન થવાની મરજી બતાવી, પણ કાઝીએ તરત તેને તેમ કરવાની ના પાડી, અને કહ્યું કે "તેં પોતેજ તારા બાળકને મારી નાંખ્યુંછે." એમ કહી કેટલાક ચાબુક માર્યા, (ત્યારે) તેણે ગુનોહ કબૂલ કર્યો અને કહ્યું કે "મેં ખોટું તહોમત મૂક્યું છે." અર્થાત્ કાઝીએ તેને ફાંસી દેવાનો હુકમ કર્યો.

સાર—(૧) દૃઢ થયેલી વૈર વૃત્તિ બેભાનિયતમાં પણ કાયમ રહેછે. (૨) દારૂ એ ઘણા અનર્થોનું મૂળ છે અને તેને લીધે જે ભયંકર બુરાં કામો માણસજાતથી ક્યારે પણ બનવાનો સંભવ ન માની શકાય, તે પણ બને છે. (૩) જે માણસ દુરાચરણી હોય છે તે બેશરમ પણ હોય છે. (૪) એક દુરાચરણ બીજા દુરાચરણનું કારણ થાયછે. અર્થાત્ એક ગુન્હો છૂપાવતાં બીજા અનેક ગુનાહ કરવા પડે છે. (૫) મૂર્ખ અને દુરાચરણી હાર્યાં વળે પણ વાળ્યા ન વળે. (૬) 'અંતે ધર્મે જય અને પાપે ક્ષય.'

વાર્તા ૮ મી.

એક માણસે બે હજાર રૂપિયા એક થેલીમાં ભરી તેને સીલ કરી કાઝીને અમાનત રાખવા માટે તે સોંપી અને પોતે મુસાફરીએ ગયો. પછી જ્યારે તે પાછો આવ્યો, ત્યારે તેણે તે કોથળી જે પ્રમાણે સીલ કરીને સોંપી હતી તેવીજ કાઝી પાસેથી પાછી લીધી, પણ તે કોથળી તે કાઝીની રૂબરૂ ખોલતાં રૂપાનાણાંને બદલે તેમાં ત્રાંબાના સિક્કા તેણે જોયા, તેથી તે કાઝી સાથે તકરાર કરવા લાગ્યો. (ત્યારે) કાઝીએ તેને ના પાડીને કહ્યું કે "તેં મને રૂપિઆ બતાવીને સોંપ્યા નહોતા, તેં જે પ્રમાણે કોથળી સીલબંધ આપી હતી, તેજ પ્રમાણે તે કોથળી (મેં તને) સીલબંધ પાછી આપીછે." પછી કાઝીના માણસોએ તેને કહાડી મૂક્યો; તેથી—તે માણસ પાદશાહ પાસે ફરિયાદ ગયો અને પોતાનો હેવાલ કહ્યો; પાદશાહે જરા વિચાર કરીને કહ્યું કે "હમણા તારી થેલી મારી પાસે મૂકીજા, હું તને ઇન્સાફ આપીશ" બીજે દહાડે પાદશાહ પોતાના તખ્ત ઉપરના ગાલીચાને થોડો ફાડીને પોતે શિકારે ચાલ્યો ગયો. જે ફરાસનો[1] તે દિવસે નોકરીમાં રહેવાનો વારો હતો, તેણે જ્યારે તે ગાલીચો ફાટેલો જોયો, ત્યારે તે એટલો તો બીહિન્યો કે તેનું શરીર ઘણું ધ્રૂજવા લાગ્યું. તેણે બીજા ફરાસને તે (ફાટેલો ગાલીચો) બતાવ્યો ને કહ્યું કે "જો પાદશાહ આ વાત જાણશે તો તે મને મારી નાંખશે." (ત્યારે) બીજા-ફરાસે તેને-પૂછ્યું કે "આ વાત કોઇએ સાંભળી છે? અથવા ગાલીચાને કોઇએ-ફાટેલો-દીઠો છે?" તેણે જવાબ આપ્યો કે "ના," ત્યારે તેણે કહ્યું કે "બેફિકર રહે, આ શહેરમાં એક ચાલાક રફુગર (તુંનારો) છે, માટે આ ગાલીચો તેની પાસે લઈ જા, તે એવી રીતે દુરસ્ત કરી આપશે કે કોઇને કશું માલૂમ પડશે નહિ." (પછી) તે ફરાસ તે રફુગરની દુકાને ગયો અને કહ્યું કે "આ ગાલીચો પાદશાહનો છે તે બરાબર દુરસ્ત કરી આપ, તેની મજૂરી જે તું માગીશ તે હું તને આપીશ, પણ કામ સારૂં કરજે." (પછી

---

[1] કચેરીની બેઠકના સામાનની ગોઠવણ કરનાર. સાચવનાર.

તેની મજૂરીનો) રફુગરે અડધો દીનાર માગ્યો (તેને બદલે) ફરાસે તેને એક આખો દીનાર આપ્યો, (જેથી) રફુગરે એક રાત્રામાં તેને ગાલીચો દુરસ્ત કરી પાછો આપ્યો. બીજે દિવસે ફરાસે તેને તખ્તપર બિછાવ્યો. (પછી) જ્યારે બાદશાહે ગાલીચાને બરાબર દુરસ્ત દીઠો ત્યારે તેણે (પેલા) ફરાસને પૂછ્યું કે "આ ગાલીચો કોણે દુરસ્ત કર્યો છે?" ફરાસે અજ્ઞાનતા દર્શાવી, ત્યારે પાદશાહે કહ્યું કે "તું જરાપણ ડર નહિ, કાંઇ કારણસર મેંજ તે ફાડી નાંખ્યો હતો." ત્યારે ફરાસે તે રફુગરનું નામ દીધું, તેથી પાદશાહે તે રફુગરને તેડાવ્યો અને પૂછ્યું કે "તેં આ શહેરમાં કોઇની કોથળી રફુ કરી છે?" તેણે કહ્યું. "હા." પાદશાહે પૂછ્યું. "તે કોથળી તારા જોવામાં આવે તો તેને તું ઓળખી શકીશ?" રફુગરે કહ્યું "હા, સારી રીતે ઓળખી શકીશ." (ત્યારે) પાદશાહે પેલી કોથળી તેને બતાવી, તે તેણે ઓળખી અને કહ્યું કે "આ કોથળી આ શહેરના કાઝીએ મને રફુ કરવા આપી હતી." ત્યારે પાદશાહે કાઝીને બોલાવ્યો અને કહ્યું કે "તારા પ્રમાણિકપણા ઉપર મને પૂર્ણ ભરોસો હતો, તેથીજ મેં તને કાઝીનો દરજ્જો આપ્યો, હું ધારતો નહોતો કે તું ચોર છે! આ શખ્સનો માલ તેં કેમ ચોર્યો છે?" તેણે જવાબ આપ્યો "એમ કોણ કહે છે ખુદાવંદ!" પાદશાહે કહ્યું કે "એમ હું કહું છું." એમ કહી તેણે કોથળી બતાવી, તેથી કાઝી શરમાયો અને ગભરાયો. પાદશાહે તેને કેદખાને મોકલ્યો અને કોથળીના માલિકને તેના પૈસા કાઝી પાસેથી લેવા ફરમાવ્યું. કાઝીએ લાચાર થઇ તેના પૈસા આપ્યા. (પછી) બીજે દિવસે પાદશાહે કાઝીને ફાંસીએ ચડાવ્યો.

સાર—(૧) પૈસા વગેરે જે વસ્તુ કોઇને ત્યાં અમાનત મૂકવી હોય, તે તેને ચોકસ રીતે બતાવી, ગણી અને બીજા માણસોની રૂબરૂ સોંપવી; પણ ખાનગી વ્યવહાર ન કરવો. બનીશકે તો તેવી વસ્તુઓની પહોંચ પણ લેવી. (૨) સત્તાધારી માણસોથી પૈસાનો વ્યવહાર ન કરવો, એમ નીતિવેત્તા વિદ્વાનોનો મત છે. (૩) પવિત્ર સિંહાસનો ઉપર બેસનારા માણસો પણ ઉપરી સત્તા નરમ જોઇને કિંવા અન્ય પ્રસંગે અપવિત્ર સ્વાર્થવાળા થાયછે. (૪) રાજા કિંવા પાદશાહે પોતાના અધિકારીઓની અયોગ્ય સ્વાર્થબુદ્ધિ પકડી પાડવાને નાની સરખી બાબતોમાં પણ યત્નપૂર્વક તનમન લગાડવું જોઇએ તથા તેમને પૂર્ણ સજાએ પહોંચાડવા જોઇએ, કે જેથી બીજાઓને પ્રમાણિક થવાની ફરજ પડે.

વાર્તા ૯ મી.

એક શખ્સે પોતાના ઘરમાં દીનારોની કોથળી ખોઇ, તેથી તેણે કાઝી પાસે ફરિયાદ કરી. કાઝીએ તેના ઘરનાં સઘળાં માણસોને બોલાવ્યાં, અને દરેકને એકેક લાકડી આપી; ને સઘળી લાકડીઓની લંબાઇ એક સરખી હતી. પછી (તેમને) કહ્યું કે "જે કોઇ ચોર હશે તેની લાકડી એક આંગળ લાંબી થઇ જશે!" પછી જ્યારે તેણે તેમને રજા આપી ત્યારે જે શખ્સે ચોરી કરી હતી તે બીહિન્યો, અને પોતાની લાકડી એક આંગળ કાપી નાંખી. બીજે દિવસે કાઝીએ (તે) સઘળાને બોલાવ્યા, અને લાકડીઓ તપાસી; તેથી માલૂમ પડ્યું કે આ ચોર છે. તેની પાસેથી તેણે પૈસા લીધા અને સજા કરી.

સાર—ગુનેહગાર પોતાની આસપાસ કેવળ ભયજ જુએછે, તેમાંથી છૂટી જવાને ઉપાયો કરતાં પોતાનીજ બેવકૂફીથી તે અંતે પકડાઇ જાય છે.

વાર્તા ૧૦ મી.

એક શખ્સે બીજા સાથે-કંઈ-શરત કરી અને કહ્યું કે-"જો હું શરત ન જીતું, તો મારા બદનમાંથી એક શેર માંસ કાપી લેજે." (પછી તે) શરત ન જીતવાથી વાદીએ શરત પ્રમાણે ચાલવા કહ્યું. પણ તેણે (તે) કબૂલ ન કરવાથી તેઓ બંને કાઝી પાસે ગયા. "કાઝીએ વાદીને કહ્યું કે "એને માફ કર." પણ તેણે માન્યું નહિ. તેથી કાઝી ગુસ્સે થયો અને કહ્યું કે, "કાપી લે, પણ જો તું શેર કરતાં જરા વત્તું ઓછું કાપીશ, તો હું તને સજા કરીશ." વાદી તે પ્રમાણે ન કરી શક્યો, ત્યારે તેણે લાચારીથી તેને માફ કર્યું.

સાર—(૧) નિષ્પક્ષપાત અને દાના માણસ જે કહે તે કબૂલ કરવું જોઇએ. (૨) મૂર્ખાઓ હાર્યા વળે, પણ વાળ્યા ન વળે.

વાર્તા ૧૧ મી.

બે ગરીબ ભાઇઓ હતા, તેઓ સાથે મુસાફરીએ નીકળ્યા. રસ્તામાં તેને એક પૈસાની ભરેલી કોથળી અને બે માણેક મળ્યાં; (ત્યારે) નાના ભાઇએ કહ્યું કે "મારી ઉમેદ પૂર્ણ થઈ માટે હું તો હવે ઘેર જઇશ." (પણ) મોટા ભાઈએ કહ્યું કે "હું તો દુનિયાની આસપાસ દેશાટણ કરીશ." પછી તેઓએ (જડેલા) દ્રવ્યની વેંચણ કરી. મોટા ભાઇએ પોતાનો ભાગ નાનાભાઇને આપ્યો, અને કહ્યું કે "આ મારી સ્ત્રીને આપજે." જ્યારે નાનો ભાઈ ઘેર આવ્યો, ત્યારે તેણે પોતાના ભાઇનો ભાગ તેની સ્ત્રીને આપ્યો. પણ લાલ (માણેક) આપ્યું નહિ. ત્રણ વરસ પછી મોટો ભાઈ દેશાટણ કરી પાછો આવ્યો અને પોતાની સ્ત્રીને લાલ મળેલો ન જોવાથી તેણે પોતાના ભાઇને પૂછ્યું કે "લાલનું શું થયું?" તેણે કહ્યું કે "મેં તારી સ્ત્રીને આપ્યું હતું." મોટા ભાઇએ કહ્યું, "તે કહેછે કે મને મળ્યું નથી." નાના ભાઇએ જવાબ આપ્યો; "તે જૂઠું બોલેછે." ત્યારે મોટો ભાઇ પોતાની સ્ત્રીને મારવા લાગ્યો, તેથી તે નાશી ગઈ, અને તેણે કાઝી પાસે ફરિયાદ કરી. કાઝીએ તેના પતિને અને તેના ભાઇને બોલાવ્યા, ને તેણે નાનાભાઇને પૂછ્યું કે "જ્યારે તેં લાલ આ સ્ત્રીને સોંપ્યું ત્યારે કોઇ શખ્સ હાજર હતો, તેણે કહ્યું કે "બે શખ્સ". કાઝીએ કહ્યું કે "તેઓને બોલાવી લાવ." (તેથી) નાનો ભાઇ કોઇ માણસોને થોડા પૈસાની (લાલચ) આપી, કાઝીપાસે ખોટી સાક્ષી આપવા લઈ આવ્યો; અર્થાત્ તેમણે ખોટી જુબાની આપી તેથી કાઝીએ તેના મોટાભાઇને ફરમાવ્યું કે "તારી સ્ત્રી પાસેથી માણેક લે." તેથી તે સ્ત્રી રડતી રડતી પાદશાહ પાસે ગઇ અને પોતાની હકીકત કહી. પાદશાહે તેને પૂછ્યું કે "કાઝી પાસે શામાટે જતી નથી?" ત્યારે તેણે જવાબ આપ્યો કે "હું કાઝી પાસે ગઇ હતી, પણ તેણે મારો ઈન્સાફ બરાબર કર્યો નહિ." (તે સાંભળી) પાદશાહે તે બે ભાઇઓને તથા સાક્ષીઓને બોલાવ્યા, અને તેમને જૂદા પાડ્યા પછી દરેકને મીણનો ટુકડો આપી હુકમ કર્યો કે "એમાંથી માણેકના ક-

દ જેવડા અને જેવા આકાર બનાવો." તે બંને ભાઇઓએ એક સરખો આકાર કર્યો, પણ તે બંને સાક્ષીઓએ જુદી જુદી તરેહના આકાર બનાવ્યા. પછી પાદશાહે તે સ્ત્રીને ફરમાવ્યું કે "તું પણ આકાર બનાવ." ત્યારે તે બોલી કે "મેં કદી તે માણેકને જોયું નથી, તો પછી હું તેનો આકાર શી રીતે બનાવી શકું?" (પછી) પાદશાહે સાક્ષીઓને કહ્યું કે "જો સાચું બોલશો તો જવા દઇશ, નહિતો મારી નાંખીશ." ત્યારે તેમણે લાચાર થઇ કબૂલ કીધું કે "અમોએ જૂઠી સાક્ષી આપીછે." તેથી પાદશાહે નાનાભાઇને થોડાક ચાબુક માર્યા, ત્યારે તેણે પણ ગુન્હો કબૂલ કર્યો (તેથી) પાદશાહે કાઝી ઉપર ઠપકો મોકલ્યો કે "તેં ઇન્સાફ બરાબર શામાટે ન કર્યો? અને તે માણેક તે સ્ત્રીને શા માટે ન અપાવ્યું?"

સાર—(૧) ઘણું કરીને ન્યાયને ઊંધે રસ્તે દોરનાર જૂઠા સાક્ષીઓ હોય છે. (૨) જૂઠા સાક્ષીઓને પકડી પાડવાને ઉત્તમ બુદ્ધિના ન્યાયધિશો યુક્તિથી શક્તિમાન થાયછે. (૩) ઘણે અંશે અપીલ કરનાર જૂઠો હોતો નથી. (૪) અપીલમાં જેનો કરેલો ફેંસલો રદ જાય તે ન્યાયાધિશ ઠપકાને પાત્ર થવો જોઇએ.

વાર્તા ૧૨ મી.

એક જવાન પુરૂષે સો દીનાર એક બુઢ્ઢા શખ્સ પાસે અમાનત રાખ્યા, અને પોતે મુસાફરીએ ગયો. જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેણે તે પૈસા (તે બુઢ્ઢા પાસેથી) પાછા માગ્યા, પણ પેલા બુઢ્ઢા માણસે કહ્યું કે "તેં મારી પાસે પૈસા રાખ્યા નથી." તેથી તે જવાન માણસ કાઝી પાસે ગયો, ત્યારે કાઝીએ તે બુઢ્ઢા માણસને ત્યાં બોલાવ્યો અને પૂછયું કે "આ જવાન પુરૂષે તારી પાસે પૈસા અમાનત રાખ્યા છે"? તેણે જવાબ આપ્યો "ના." કાઝીએ તે જવાનને પૂછયું કે "તારો કોઇ સાક્ષી છે"? તેણે જવાબ દીધો "ના." તે ઉપરથી કાઝીએ તે બુઢ્ઢાને પ્રતિજ્ઞા લેવા કહ્યું, ત્યારે તે જવાન માણસ રડી પડયો ને કહ્યું કે "તેને પ્રતિજ્ઞાની કશી દરકાર નથી, ઘણીવાર તેણે ખોટા સોગન ખાધા છે." (ત્યારે) કાઝીએ જવાનને કહ્યું કે "જ્યારે તેં એને પૈસા આપ્યા ત્યારે તમે કયાં બેઠા હતા"? તેણે જવાબ આપ્યો, "એક ઝાડ નીચે." કાઝીએ કહ્યું કે "ત્યારે શા માટે તું કહેછે કે મારો કોઈ સાક્ષી નથી; ઝાડ તારો સાક્ષી છે. તે ઝાડ પાસે જા, અને કહે કે "કાઝી તને બોલાવે છે!" (આ સાંભળી) તે બુઢ્ઢો માણસ મનમાં હસ્યો (અને) તે જવાન બોલ્યો "અરે! કાઝી સાહેબ! મને બીક લાગેછે કે ઝાડ આપના ફરમાનથી આવશે નહિ" (ત્યારે) કાઝીએ કહ્યું કે "આ મારી મોહોર લઈ જા, અને (ઝાડને) કહેજે કે" આ મોહર કાઝીની છે (તેથી) ઝાડ ખચીત આવશે." (પછી) તે જવાન પોતાની સાથે કાઝીની મોહોર લઇને ગયો. થોડા વખત પછી કાઝીએ પેલા બુઢ્ઢા માણસને પૂછયું કે "તે જવાન પેલા ઝાડ પાસે પહોંચ્યો હશે"? તેણે જવાબ દીધો કે "ના." પછી પેલો જવાન જ્યારે ઝાડ પાસે આવ્યો, ત્યારે તેણે કાઝીની મોહોર બતાવી ઝાડને કહ્યું કે "કાઝી તને બોલાવે છે!" પણ ઝાડ તરફથી કાંઇએ જવાબ ન સાંભળવાથી તે દિલગીર થઇ પાછો ફર્યો અને કાઝી પાસે આવી કહ્યું કે "મેં ઝાડને મોહોર બતાવી, પણ તેણે કાંઈ જવાબ આપ્યો નહિ." કાઝી બોલ્યો કે "ઝાડ અહીં આવ્યું હતું અને સાક્ષી આપીને પાછું ગયું." ત્યારે (પેલો) બુઢ્ઢો બોલી ઉઠયો કે "અરે! કા-

ઝીસાહેબ! તમે આ શું બોલોછો! કોઇ પણ ઝાડ અહીં આવ્યું નહોતું." (ત્યારે) કાઝીએ કહ્યું, "તું સાચું કહેછે, ઝાડ અહીં આવ્યું નહોતું; પણ જે વખતે મેં તને પૂછ્યું કે તે જવાન ઝાડ પાસે પહોંચ્યો હશે? ત્યારે તેં જવાબ આપ્યો કે "ના." હવે જો તે ઝાડ નીચે તેં પૈસા લીધા ન હોત, તો તું એમ કેમ ન બોલ્યો કે "કયું ઝાડ તે હું જાણુતો નથી." માટે આ વાતથી જણાયછે કે આ જવાન માણસ સાચું બોલેછે." ત્યારે તે બુઢ્ઢો માણસ કાંઈ બોલી શક્યો નહિ અને તે જવાનને તેના પૈસા પાછા આપી દીધા.

સાર—(૧) પૈસા માટે જૂઠી પ્રતિજ્ઞા લેનારાઓની જગતમાં કાંઈ ખોટ નથી. (૨) જવાન માણસો કરતાં બુઢ્ઢા માણસોમાં પૈસાની તૃષ્ણા—અયોગ્ય તૃષ્ણા વિશેષ જોવામાં આવેછે, કારણકે તેઓ વૃદ્ધાવસ્થાને લીધે પૈસા કમાવવાને દિનપ્રતિદિન અશક્ત થતા જાય છે. (૩) જૂઠો માણસ પકડાઇ જવાની ઘણી ધાસ્તી રાખે છે, છતાં પણ પકડાઈ ગયા વિના રહેતો નથી, કહેવત છે કે "કૂડ ત્યાં ધૂળ!"

વાર્તા ૧૩ મી.

એક માછી દરિયામાંથી માછલીઓ પકડી બજારમાં વેચતો હતો. તેણે એક દિવસ એક જાતની માછલી પકડી, તે એવી તો ખૂબસુરત હતી કે તેવી માછલી અગાઉ કોઈ વખત તેના હાથમાં આવીજ નહોતી; તેથી તે પોતાના મનમાં બોલ્યો કે "જો હું આ માછલીને બજારમાં વેચીશ તો મને (તેનું મૂલ્ય) એ ચાર પૈસાથી વધારે મળશે નહિ, માટે તે પાદશાહ પાસે (ભેટ) લઈ જાઉં તો સારૂં, કેમકે તે જરૂર મને કાંઇ સારૂં ઇનામ આપશે." અર્થાત્ તે માછલી (તે) પાદશાહ પાસે લઇ ગયો, પાદશાહ તે માછલી જોઇ એટલે તો ખુશી થયો કે તેણે તેને એકસો રૂપિયા ઇનામ આપવા ફરમાવ્યું. (પણ) વજીર જે તે વખતે હાજર હતો, તેણે પાદશાહના કાનમાં કહ્યું કે "એક માછલી માટે આટલો બધો પૈસો આપવો એ વ્યાજબી નથી." પાદશાહે જવાબ દીધો કે "હમણાજ મેં પૈસા આપવાનો હુકમ કર્યો છે, અને હવે તે ન આપવા એ શરમ ભરેલું થઇ પડશે." વજીરે જવાબ આપ્યો કે "એક ઇલાજ છે, તે એ કે આપ નામદાર એ માછીને સવાલ કરો કે, "આ માછલી નર છે યા માદા?" જો તે નર કહે તો તેવી જાતની માદા લઇ આવવા હુકમ કરજો, અને જો તે માદા કહે તો તેવીજ જાતનો નર લઇ આવવા ફરમાવજો.—એટલે માછી આવી બીજી માછલી લાવી શકશે નહિ, તેથી તેને ઇનામ પણ આપવું પડશે નહિ." પાદશાહને વજીરની વાત પસંદ આવી, તેથી તે માછીને તેણે પૂછ્યું કે "આ માછલી નર છે યા માદા?" તેણે જવાબ આપ્યો કે "ખુન્નસ" (હીજડી)! (માછીના આ જવાબથી) પાદશાહ પેટ પકડી હસ્યો અને તેને બસેં રૂપિઆ અપાવ્યા.

સાર—ઘણાખરા રાજકર્ત્તા પુરૂષો સ્વભાવથીજ ઉદાર હોયછે અને એ ઉદારતાજ ખરેખર તેમને ભૂષણરૂપ છે; પરંતુ કેટલાક સંયોગોને લીધે ઊંચે દરજ્જે ચડેલા નીચ તુખમના પુરૂષો રાજાઓની હુજૂરમાં હોયછે, તેઓ તેમની ઉદારતા જોઇને પોતાનું મન બાળે છે; એટલુંજ નહિ પણ કેટલીકવાર તો તે ઉદારતાને અટકાવવાને પ્રયત્ન કરેછે, તેથી તેઓ અપજશ અ ધિક્કારને પાત્ર થાયછે. તેમ કેટલીક વાર તેઓ રાજાઓના ઉદાર દિલને પણ

ધીરે ધીરે મખ્ખીચૂસ બનાવી દે છે, તેથી તેમના યશનો પણ નાશ થાયછે. માટે રાજાઓએ અકુલીન માણસોને પોતાની હુઝૂરમાં ન રાખવા જોઇએ.

વાર્તા ૧૪ મી.

(એક વખતે) કેટલાક સોદાગરો પાદશાહ પાસે ગયા, અને તેમણે (પાદશાહને) ઘોડા ઘોડા નજરાણે કર્યા. પાદશાહને તે (ઘોડા) ઘણા પસંદ પડયા, જેથી તેવા ઘોડા (તે સોદાગરો પાસેથી) પાદશાહે ખરીદ કર્યા. અને તે સોદાગરોને તેણે તે ઘોડાની કિંમત કરતાં બે લાખ રૂપિયા વધારે આપ્યા, અને કહ્યું કે "તમારા દેશમાંથી એ (પૈસા) ના બીજા ઘોડા લાવજો." પછી એક દિવસ પાદશાહ ખુશીમાં બેઠો હતો, ત્યારે તેણે વઝીરને કહ્યું કે "મારા શહેરમાં જે જે બેવકૂફો હોય તેનાં નામનું લીસ્ટ કરી લાવ!" તે બોલ્યો. "ખુદાવંદ! એ લીસ્ટ તો મેં કરી રાખેલું છે, અને તેમાં આપ નામદારનું નામ પહેલું છે!" પાદશાહે પૂછ્યું "શા માટે?" તેણે જવાબ આપ્યો, "પેલા સોદાગરોને આપે બે લાખ રૂપિયા ઘોડા ખરીદવા માટે જામીન વગર અથવા તો તેનાં ઠેકાણાની કશી ખબર ન છતાં આપી દીધા છે, તે મૂર્ખતાની નિશાની છે."

પાદશાહ બોલ્યો. "જો તેઓ ઘોડા લાવશે તો પછી તું શું કરીશ?" તેણે જવાબ આપ્યો કે, "જો તેઓ ઘોડા લાવશે તો આપ નામદારનું નામ તે બેવકૂફોના લીસ્ટમાંથી છેકી નાંખીશ અને તે જગાએ તેઓનાં નામ દાખલ કરીશ!"

સાર—(૧) મજબૂત જામીનગારી વગર પૈસા આપવા તેનું નામ બેવકૂફી; તેમ વ્યવહારિક કામમાં એવી બેવકૂફીનો લાભ ન લેનારને પણ કેટલાક લોકો બેવકૂફ ગણેછે. (૨) બીજા બેવકૂફોને શોધવા જતાં પોતાથી બેવકૂફ ન બની જવાય, તેની દરેક માણસે કાળજી રાખવી જોઇએ. અર્થાત્ પહેલી પોતાની ભૂલો સુધારવી અને પછી બીજાની ભૂલો કાઢવા જવું.

વાર્તા ૧૫ મી.

એક દિવસ એક કવિએ કાંઇ ગુન્હો કર્યો, તેથી પાદશાહે ચંડાળને હુકમ કર્યો કે "મારી રૂબરૂ તેને મારી નાંખ." આ સાંભળી કવિનું શરીર ધ્રૂજવા લાગ્યું, તે જોઈ એક હુઝૂરીએ તેને કહ્યું કે "આ કેવી નામર્દાઇ છે! કોઇપણ માણસ આમ બીહે નહિ." ત્યારે કવિએ જવાબ આપ્યો કે "હે! હુઝૂરી! જો તું મર્દ હો, તો મારી જગ્યાએ આવ, અને હું ઉઠીને તારી જગાએ જાઉં!" પાદશાહને આ શબ્દો પસંદ આવ્યા, તેથી હસીને તેનો ગુન્હો માફ કર્યો.

સાર—(૧) ગુન્હેગાર બીહે છે. (૨) જેનાપર આફત આવેછે તેની મુશ્કેલી તેજ સમજી શકે છે; ત્રાહિત તેની તુલના કરી શકતો નથી. (૩) રાજા પાદશાહોની નાની રીઝ પણ મનુષ્યની જિંદગી બચાવવા જેવી મોટી બાબતો માટે પણ શક્તિમાન હોવી જોઇએ.

વાર્તા ૧૬ મી.

કોઈ પાદશાહે એક કુંગા (ખુંધા) માણસને પૂછ્યું કે "તારી પીઠ વાંકી છે, તે પાંસરી થઈ જાય, એવું તું ઇચ્છે છે, કે તારી પીઠ જેવી બીજા માણસોની પીઠ વાંકી થઇ જાય એવું (તું) ઇચ્છે છે ?" તેણે જવાબ આપ્યો. "હું ઇચ્છું છું કે બીજા માણસોની પીઠ પણ મારા જેવી વાંકી થઇ જાય તો ઠીક; કે જેથી તેઓ મને જેમ જુએ છે (તેમ) તેજ આંખોથી હું પણ તેમને જોઉં."

સાર—(૧) નકટો પોતાની નાત વધારવાને ઇચ્છે છે-દુર્ગુણી કે એબવાળા માણસો બીજાને પોતાના જેવા કરવાને ચાહે છે; પણ પોતે સુધરવાને ઇચ્છતા નથી. એ જનસ્વભાવનો એક મહા નિયમ છે.

વાર્તા ૧૭ મી.

એક શખ્સ દરરોજ છ રોટલા ખરીદ કરતો હતો, (એક દિવસે) તેના એક દોસ્તે તેને પૂછ્યું કે, "તું છ રોટલાને દરરોજ શું કરેછે?" તેણે જવાબ દીધો કે, "એક રોટલો હું રાખું છું! બીજો હું ફેંકી દઉંછું! બે રોટલા હું જમા રાખુંછું! અને બે રોટલા હું ઉધારા (ઉછીના) આપુંછું!" ત્યારે તે દોસ્ત બોલ્યો કે, "તારા કહેવાની મતલબ હું જરા પણ સમજતો નથી. (માટે) સમજાય તેમ કહે." તેણે જવાબ આપ્યો, "જે રોટલો હું રાખું છું, તે ખાઉંછું જે રોટલો હું ફેંકી દઉંછું, તે હું મારી સાસુને આપુંછું; જે બે રોટલા હું જમા રાખુંછું, તે મારા માબાપને આપુંછું અને જે બે રોટલા હું ઉછીના (ઉધારા) આપુંછું, તે મારા છોકરાને આપુંછું."

સાર.—(૧) જેને આપવાની આપણી ફરજ નથી, તેને આપણી નબળાઇ કે બીજા કોઈ કારણથી જે કાંઈ આપવું પડે, તે ફેંકી દેવા બરાબર છે. (૨) માવિત્રોનું પોષણ કરવું એ આપણી ફરજ છે, અને તેમને આપીએ છીએ તે આપણે લીધેલું કરજ પાછું અદા કરીએ છીએ. અને (૩) આપણા પુત્રોને પાળીએ છીએ, તે ભવિષ્ય માટે ઉછીનું આપવા બરોબર છે કેમકે તે આપણને પાછું મળવાની વકી છે.

વાર્તા ૧૮ મી.

જ્યારે તૈમુરલંગ પાદશાહે હિંદુસ્તાન ઉપર સવારી કરી ત્યારે તેણે (દિલ્લીમાં) કેટલાક ગવૈયાઓને પૂછ્યું કે મેં ઘણા લોકો પાસેથી સાંભળ્યું છે કે આ "શહેરમાં ઉત્તમ ગવૈયા છે." (તે સાંભળી) એક આંધળો ગવૈયો જે ત્યાં હાઝર હતો, તેણે ગાયન શરૂ કર્યું. (તે ગાયનથી) પાદશાહ બહુ ખુશ થયો અને તેનું નામ પૂછ્યું, (ત્યારે) તેણે કહ્યું કે "મારૂં નામ **દોલત** છે!" (ત્યારે) પાદશાહે કહ્યું કે "શું દોલત આંધળી છે ?" તે આંધળાએ જવાબ દીધો કે "(જહાંપનાહ !) જો દૌલત આંધળી ન હોત, તો લંગડાને[1] ઘેર આવત નહિ!" પાદશાહ તેના આ જવાબથી ખુશ થયો, અને તેને મોટું ઇનામ આપ્યું.

---

૧. પાદશાહ તૈમુર પોતે લંગડો હતો.

સાર—ઘણીવાર હાજર જવાથી એ મોટા માણસોને ખુશ કરવાનું શ્રેષ્ઠ સાધન થઇ પડેછે અને મોટા માણસો (રાજા-પાદશાહો)ની ખુશી કાંઇ દિવસ નિષ્ફળ જતી નથી.

વાર્તા ૧૯ મી.

એક શખ્સ વૈદ્ય પાસે ગયો અને કહ્યું કે "મારૂં પેટ દુખે છે તેની દવા આપો. વૈદ્યે પૂછ્યું, "આજ તેં શું ખાધું હતું?" તેણે જવાબ આપ્યો કે "બળેલી રોટલી." (ત્યારે) વૈદ્યે તે માણસની આંખની દવા કરવા ઇચ્છ્યું, (તેથી) તે બોલ્યો "અરે! વૈદ્યરાજ! પેટના દુઃખ સાથે આંખનો શો સંબંધ?" વૈદ્યે જવાબ દીધો, "પહેલી તારી આંખની દવા કરવી જોઇએ, કારણ કે જો તારી આંખ બરાબર હોત, તો તું બળેલી રોટલી ખાત નહિ."

સાર—જે ખાવું તે પહેલું નજરથી તપાસીને પછી મોઢામાં નાખવું જોઇએ. અર્થાત્ સમજ્યા વગર ગમે તે વસ્તુ ખાધાથી તંદુરસ્તીને હાની પહોંચે છે. તેમ પૈસો તેજ લેવો જોઇએ કે જેથી આગળ જતાં આપણી પ્રતિષ્ઠાને ધક્કો લાગે નહિ; તંદુરસ્તીનો વિચાર કર્યા વગર ખાનાર અને આબરૂનો વિચાર કર્યા વગર પૈસા પેદા કરનારને વ્યાજબી રીતે બેવકૂફ કહી શકાય.

વાર્તા ૨૦ મી.

એક વખત કોઇ પાદશાહ એક કવિ ઉપર ગુસ્સે થયો, તેથી ચંડાળને હુકમ કર્યો કે "મારી રૂબરૂ તે (કવિ) ને તલવારથી કાપી નાંખ!" તે ચંડાળ તલવાર લેવા ગયો, દરમ્યાન (પેલા) કવિએ ત્યાં ઉભા રહેલા માણસોને કહ્યું કે "જ્યાંસુધી તે (ચંડાળ) તલવાર લઈ આવે ત્યાંસુધી મને થોડા તમાચા મારો! કે જેથી પાદશાહ ખુશ થાય." (આ વચનો સાંભળી) પાદશાહે મોં મલકાવ્યું અને તેને માફી બક્ષી.

સાર—રાજસભામાં રહેનાર મશ્કરા માણસો પોતાની યુક્તિવડે રાજા-પાદશાહોને ખુશ કરી-જેમની રીઝખીઝ ખાલી નથી એવા (હાકેમો)ની-રીઝ (ખુશી)નું ફળ મેળવેછે.

વાર્તા ૨૧ મી.

એક ભાંડ કવિએ એક પૈસાદાર માણસનાં વખાણ કર્યાં, પણ તેને કાંઇ મળ્યું નહિ, ત્યારે તેણે તે શખ્સને ગાળો ભાંડી, તોપણ તે કાંઇ બોલ્યો નહિ. (પછી) બીજે દિવસ તે ભાંડ કવિ પેલા પૈસાદાર માણસને દરવાજે બેઠો; ત્યારે તે પૈસાદાર શખ્સે કહ્યું કે "તેં મારાં વખાણ કર્યાં તોપણ હું કાંઇ બોલ્યો નહિ અને મને ગાળો ભાંડી તોપણ હું કાંઇ બોલ્યો નહિ; તો હવે તું અહીં શામાટે બેઠો છે?" તેણે જવાબ દીધો કે "હવે હું એ માગું છું કે જો તું મરણ પામે, તો તારા છેલ્લા વખતના મરશિયા બોલું!"

સાર—"ચમડી તૂટે પણ દમડી ન છૂટે" એવા કંજૂસો જાણે વેષધારી જ્ઞાની પુરૂષો હોય, તેમ સ્તુતિ નિંદાને સમાન ગણેછે; પણ તે બંનેમાં ફેર એટલોજ છે કે એક જ્ઞા-

રે ઇશ્વરને આટે સર્વે ઇંદ્રિયોને વશ રાખનાર છે, ત્યારે બીજાઓની ઇંદ્રિયો પૈસાની લાલચમાં બેહેર મારી ગયેલી-બુઠ્ઠી થઇ ગયેલી હોયછે; તેઓ કવિઓની ઉત્તમ પ્રાસાદિક વાણીને તો કદી પણ યોગ્ય નથી, પણ ભાંડ લોકોના મરશિયાને યોગ્ય છે.

વાર્તા ૨૨ મી.

એક પાદશાહે સ્વમામાં જોયું કે મારા બધા દાંત પડી ગયાછે, (તેથી) તેણે (એક) જ્યોતિષી પાસે તેનો ખુલાસો માગ્યો. તેણે જવાબ આપ્યો કે "પાદશાહનાં બચ્ચાં તથા સગાંવહાલાંઓ તેની હયાતીમાં જ મરી જશે !" તેથી પાદશાહને ગુસ્સો લાગ્યો, અને તેણે તે જ્યોતિષીને કેદખાને મોકલ્યો; અને બીજા જ્યોતિષીને બોલાવી (મજકુર) સ્વમાનો ખુલાસો પૂછ્યો. તેણે કહ્યું કે "પાદશાહ પોતાનાં બચ્ચાં અને સગાંવહાલાંઓ કરતાં વધારે ઉમરદરાજ (લાંબી આયુષ્યવાળો) થશે." પાદશાહને આ ખુલાસો પસંદ પડ્યો, તેથી તેને ઇનામ આપ્યું.

સાર—સરખી મતલબનાં વાક્યો જૂદા જૂદા આકાર (શબ્દો) માં કહેવાથી જૂદી જૂદી અસર થાયછે. 'મા' અને 'બાપની બાયડી' એ શબ્દોની અભિન્નતા સર્વેકોઇ જાણે છે, પણ તેની અસર કેટલી જૂદી છે ! માટે ખરૂં કહેતાં પણ અપ્રિય લાગે, એવા શબ્દો ન આવવાની પૂરતી સંભાળ રાખવી. કહેવત છે કે "સાચું બોલ, પણ મીઠું બોલ."

વાર્તા ૨૩ મી.

એક શખ્સને મોટી પદ્વી મળી, જેથી તેનો એક દોસ્ત તેની મુબારકબાદી આપવા તેની પાસે ગયો. પેલા મોટા માણસે તેને પૂછ્યું "તમે કોણ છો ? અને શામાટે મારી પાસે આવ્યા છો ?" (આ શબ્દોથી) તે દોસ્ત શરમાઇ ગયો, અને તેણે કહ્યું કે "તમે મને ઓળખતા નથી, હું તમારો જૂનો દોસ્ત છું; મેં એવું સાંભળ્યું કે તમે આંધળા થઈ ગયા છો ! તેથી તમને દિલાસો આપવા આવ્યો છું."

સાર—માણસને મોટી પદ્વી મળેછે, ત્યારે તેના જૂના દોસ્તો તેનો આશ્રમ શોધવાને તેની પાસે આવેછે અને તેમ કરવાનો તેમનો હક્ક પણ છે; પરંતુ મોટાઇમાં છકેલા કેટલાક માણસો તેમની ઓળખાણ પણ કબૂલ કરવાને શરમાય છે, તેવા માણસોને "આંધળા" સિવાય બીજું કયું વિશેષણ લગાડવું યોગ્ય ગણી શકાય ?

વાર્તા ૨૪ મી.

એક પાદશાહ લડાઇમાં હારી ગયો, અને દુશ્મનના એક સિપાઇએ તેને પકડ્યો. પણ તે કોણ છે, તે ન ઓળખવાથી પોતાનો સામાન તેનાથી ઉપડાવ્યો. જ્યારે મંજલસર પહો-

આ ત્યારે તેણે પાદશાહને થોડા ચોખા આપ્યા અને કહ્યું કે "આ રાંધીને ખા." પાદશાહ ઘણો ભૂખ્યો હતો તેથી તેણે તે ચોખાને એક માટીના નાના વાસણમાં નાખ્યા* અને તે વાસણને ચૂલાપર ચડાવ્યું અને પોતે થોડો દૂર જઇ બેઠો. એવામાં એક કૂતરો આવ્યો તે વાસણને લઇ ગયો (ત્યારે) પાદશાહ હસવા લાગ્યો, તેથી પેલો સિપાઈ ઘણો ગુસ્સે થયો અને કહ્યું કે " અરે મૂર્ખ! કૂતરો તારૂં વાસણ લઇ ગયો અને તું હસ્યા કરેછે તેનું શું કારણ છે?" પાદશાહે કાંઇ જવાબ આપ્યો નહિ, જેથી તેણે તેને થોડાક ચાબૂક માર્યા ત્યારે તેણે જવાબ આપ્યો કે " એક એવો પણ વખત હતો કે જ્યારે હું શિકારે જતો હતો ત્યારે સો ઊંટ મારા રસોડાનો સામાન લઇ ચાલતા હતા, અને આજ હું એવી હાલતમાં છું કે મુઠ્ઠીભર ચોખા છે તે પણ કૂતરો લઇ જાયછે અને મારી પાસે રહેવા દેતો નથી!" (આ સાંભળી) તે સિપાઇએ માફી માગી અને પાદશાહને છોડી મૂક્યો.

સાર—(૧) દુનિયાના વિચિત્ર સંયોગો યાને વખતનું ચક્ર માણસને એવી સ્થિતિમાં લાવી નાંખેછે કે જે તેણે સ્વપ્નામાં પણ કોઈ દિવસ અનુભવેલી ન હોય. (૨) ધીર પુરૂષો ગમે તેટલું સંકટ આવી પડ્યા છતાં દિલગીર થતા નથી અને પોક મૂકી રડતા નથી.

વાર્તા ૨૫ મી.

એક દિવસ એક પક્ષી ઝાડપર બેઠું હતું. પાદશાહે તેને જોયું અને પોતાના હજૂરીઓને કહ્યું કે " હું એકજ તીરે તેને મારી નાંખીશ " (એમ કહી) તેણે તીરકામઠું લીધું અને તે તીર (પેલા) પક્ષી તરફ ફેંક્યું, પણ તે નેમ ચૂકી ગયો, તેથી તે પક્ષી ઊડી ગયું. (ત્યારે) પાદશાહ ઘણો શરમાયો. તે વખતે એક શખ્સ તેને દિલાસો આપવા માટે બોલ્યો કે "પાદશાહે ઇરાદાપૂર્વક પક્ષીને મારવા ધાર્યું હોત તો તે મારત, પણ તેના જીવપર તેને રહેમ આવવાથી જાણીજોઇને પોતાની નેમ ચૂકી ગયો."

સાર—ઘણાખરા રાજકર્ત્તા પુરૂષોને ખુશામતનો ભયંકર, અસાધ્ય અને ચેપી રોગ લાગુ થએલો હોયછે; તેથી તેઓ વિનાશના ખાડા–ખરાબા તરફ ઘસડાતા જાયછે. આ જગોએ અમારી ઇચ્છા ન છતાં પણ એક વિદ્વાન યૂરોપિયન શ્રેષ્ટ ગ્રંથકારના થોડા શબ્દો લખ્યા વગર ચાલતું નથી.

"એક કાળે ભય અને કંટાળાની અસર થતાં તેઓ સદ્‌ગુણ તરફથી મુખ ફેરવીને ખુશામત તરફ વળે છે: આ ક્ષણેથી ખરાબોલાપણું અને સદ્‌ગુણ કદીપણ માલમ પડવાના નહિ. જેથી વાસ્તવિક કીર્તિને માટે તે નાલાયક થાયછે, તેની ખોટી કીર્ત્તિના મિથ્યા દેખાવથી તે રાજા અવળે રસ્તે દોરાઈ જાયછે."

વાર્તા ૨૬ મી.

એક શખ્સે પોપટ પાળ્યો હતો અને તેને ફારસી ભાષા શીખવી હતી. તે પોપટ દરેક સવાલના જવાબમાં એટલુંજ બોલતો કે "**ચીં શક**"–"તેમાં શો શક!" (પછી) એક દિવસ તે માણસ

---

* ટેલિમેકસ્. ન. પુ. સયાજી. ભા. પૃ. ૬૫૫.

તે પોપટને બજારમાં વેચવા લઇ ગયો, અને તેની કિંમત સો રૂપિઆ કહી; જેથી એક મુગલે તે પોપટને પૂછ્યું કે "શું તું સો રૂપિયાને લાયક છે ?" તેણે જવાબ આપ્યો "દરીંચેશક?"–"તેમાં શોશક?" (ત્યારે) તે મુગલ ખુશી થયો, જેથી તે પોપટ તેણે ખરીદ કર્યો અને તેને પોતાને ઘેર લઈ ગયો. (પછી તેને તે) જે કાંઈ કહેતો તેનો જવાબ તેને એજ મળતો કે "દરીંચેશક"—તેમાં શોશક? જેથી તે મુગલ શરમાયો અને પસ્તાવા લાગ્યો કે "મેં મૂર્ખાઇ કરી જે આવો પોપટ ખરીદ કર્યો." ત્યારે તે પોપટ બોલ્યો—દરીંચેશક?-તેમાં શોશક ?-(આથી)–તે મુગલ હસ્યો અને પોપટને ઉડાડી મૂક્યો.

સાર—(૧) સમજ્યા વિનાનું જ્ઞાન તેને પોપટિયું જ્ઞાન કહેછે, તેનો આ એક ઉત્તમ દાખલો છે. (૨) કંઇ ખરીદ કરતી વખતે તેની પૂરેપૂરી તપાસ ન કરનાર માણસ બેવકૂફ બનેછે, તે એજ પોપટના શબ્દોમાં કહીએ તો "તેમાં શો શક ?"

વાર્તા ૨૭ મી.

એક દિવસ (કોઈ) પાદશાહ અને તેનો શાહજાદો શિકારે ગયા, હવા ગરમ થવાથી તેઓએ પોતાના ઝભ્ભા (એક) મસ્કરાની ખાંધે મૂકયા. (પછી) પાદશાહ હસ્યો અને (પેલા) મસ્કરાને કહ્યું કે "તારાપર એક ગંધેડાનો બોજો છે." તેણે જવાબ દીધો. "હા, કદાચ બે ગધેડાનો !"

સાર—(૧) જે શબ્દો બોલવા તે પરિપૂર્ણ વિચાર કરીનેજ બોલવા કે જેથી આપણા પોતાનાજ શબ્દો આપણને ઠપકા રૂપ ન બને. (૨) રાજા પાદશાહો પોતાની હુઝૂરમાં દાનેશમંદ, જ્ઞાનવાન, ખુશમિજાજી, અને હાજરજવાબી માણસો હમેશા રાખતા હતા. તેમનું સામાન્ય કામ તો વિદૂષકના જેવું–હાસ્યરસથી ગમત આપવાનું હતું, પણ કોઇકવાર ઘણી મહત્વની બાબત જે બીજા લોકો રાજકર્ત્તાઓને કહી શકતા નથી તે તેઓ ખુશમસ્કરીના રૂપમાં કહી સારાં પરિણામ લાવી શક્યા છે.

વાર્તા ૨૮ મી.

એક વિદ્વાન માણસ મસ્જીદ (ધર્મની જગ્યામાં) બેસી લોકોને ઉપદેશ કરતો હતો, તે મજલસમાં એક માણસ દરરોજ રડયા કરતો હતો. એક દિવસે તે વિદ્વાન બોલ્યો "(મારા) વચનોની અસર આ માણસ ઉપર ઘણી થાયછે કે જેથી તે રડયા કરેછે." જે માણસ રડતો હતો, તેને બીજા માણસોએ કહ્યું કે "અમારા દિલપર આ વિદ્વાન માણસના શબ્દોની કાંઇ (એવી) અસર થતી નથી, તું શા વાસ્તે મનપર લેછે કે જેથી તને રડવું આવેછે ?" (ત્યારે) તેણે જવાબ દીધો કે "હું કાંઇ તેના ભાષણથી રડતો નથી, પણ મેં એક બકરો પાળ્યો હતો, અને તે બકરાને હું ઘણો ચાહતો હતો. તે બકરો જ્યારે બુઢ્ઢો થયો ત્યારે મરી ગયો. હવે જ્યારે આ વિદ્વાન માણસ બોલેછે અને પોતાની દાઢી હલાવેછે, ત્યારે તે બકરો મને યાદ આવેછે, કારણ કે તેને પણ એવીજ લાંબી દાઢી હતી."

સાર—(૧) મૂર્ખ માણસોને ઉપદેશ આપવો વ્યર્થ છે. (૨) કેટલાક "વેદિયાઢોર" સામા માણસનું મન જાણ્યા વગર લવારો કરેછે અને પોતાની બડાઇ કરેછે, તે અંતે અપમાન પામેછે.

વાર્તા ૨૯ મી.

એક શખ્સ (કોઇ) એક ફકીરની પાઘડી લઇ નાશી ગયો. (તેથી) તે ફકીર કબરસ્તાનમાં ગયો અને ત્યાં જઇ બેઠો. લોકોએ તેને કહ્યું કે "જે માણસે તારી પાઘડી લીધી તે તો બગીચા તરફ ગયો છે, તું અહીં શામાટે બેઠો છે, એ શું કરેછે?" તેણે જવાબ આપ્યો કે "તે પણ આખરે અહીંજ આવશે, અને તે વાસ્તે આ જગોએ હું બેઠો છું."

સાર—જે માણસો આ દુનિયામાં પોતાનો ન્યાય મેળવી શકતા નથી, તે બીજી દુનિયા (પરલોક) માં પોતાને ન્યાય મળવાની ખરી આશા રાખે છે.

વાર્તા ૩૦ મી.

(એક વખત) એક પાદશાહ પોતાના વઝીર સાથે ખારેક ખાતો હતો, તેના ઠળીઆ વઝીર પાસે ફેંકતો હતો, જ્યારે તેઓ (ખારેક) ખાઇ રહ્યા ત્યારે પાદશાહે વઝીરને કહ્યું કે "તમે બહુ ખાનારા છો, કેમકે તમારી પાસે ઘણા ઠળીઆ પડયા છે." વઝીરે જવાબ આપ્યો કે "ના, ખુદાવંદ! આપ બહુ ખાનારા છો, કારણ કે આપે ખારેક કે ઠળીઆ કાંઈ મૂકયાજ નથી."

સાર—(૧) વાર્તા ૨૭ મી પ્રમાણે; (૨) હાજરજવાબી માણસોની મશ્કરી કરવાથી ઘણીવાર સામી મશ્કરી થઈ જાયછે એટલે સામા માણસને બેવકુફ બનાવા જાતાં અવિચારી માણસો કેટલીકવાર પોતેજ બેવકુફ બની જાયછે.

વાર્તા ૩૧ મી.

એક દિવસ સિકંદર પાદશાહે પોતાના દરબારીઓને કહ્યું કે "કોઇપણ શખ્સને મેં નારાજ કર્યો નથી, કારણ કે જે કોઇ શખ્સે મારી પાસે જે કાંઈ સવાલ કર્યો છે તે મેં તેને આપ્યું છે." (આ સાંભળી) એક શખ્સે તરત તે (પાદશાહ) ને કહ્યું કે "અરે સાહેબ! મને એક દીરમની જરૂર છે, તે મને અપાવવા કૃપા કરો." સિકંદરે જવાબ આપ્યો. "પાદશાહો પાસેથી નજીવી (બહુ નાની) વસ્તુ માગવી એ અસભ્યતા છે." (ત્યારે) તે માણસે જવાબ આપ્યો, "જો આપ નામદારને એક દીરમ આપતાં શરમ આવતી હોય તો મને એક મુલક આપી દ્યો." સિકંદરે જવાબ આપ્યો "પહેલી તેં જે અરજ કરી તે મારા દરજ્જા પ્રમાણે આપવું જોઇએ તેથી હલકી હતી, અને બીજી અરજ તારી પોતાની લાયકાતથી વધારે છે; માટે તારી બન્ને અરજીઓ મૂર્ખાઇભરેલી છે." (આથી) તે માણસ શરમાઇ ગયો અને કાંઈ બોલ્યો નહિ.

સાર—(૧) જે વસ્તુ પોતાને ન મળી શકે તે માગવી, એ પોતાનેજ પોતે ના કહેવા બરાબર છે. (૨) માગણી કરનાર માણસે પોતાની તેમજ જેની પાસેથી માગવાનું છે, તેની યોગ્યતાનો વિચાર કરીનેજ માગણી કરવી. તે બેમાંથી એકની પણ જો ખામી હોય તો માગણી કરનાર નિરાશ થઈ હાંસીને પાત્ર થાયછે.

વાર્તા ૩૨ મી.

કોઈ પાદશાહ એક મશ્કરાપર ગુસ્સે થયો અને તેને હાથીના પગ નીચે નાંખવાનો હુકમ કર્યો; (તેથી) તે મશ્કરાએ બૂમ પાડી કહ્યું કે "અરે ખાવિંદ! હું બુઢ્ઢો (અને) ગરીબ છું તેથી હાથીના પગ નીચે પડવાલાયક નથી, (માટે) મને ચકલીના પગ નીચે નાંખો અને વઝીરને હાથીના પગ નીચે નાંખો, કારણ કે તે એવો (તો) જાડો છે કે તેનાં હાડકાં હાથીના પગને લાગશે નહિ!" (આ સાંભળી) પાદશાહે વઝીર તરફ જોયું અને હસીને (વઝીરને) પૂછ્યું કે "તમારે (એ વિષે) શું કહેવું છે?" વઝીર બોલ્યો, "ખુદાને વાસ્તે આ હરામજાદાને માફ કરો, નહિ તો મને (તે) કોઈ બલા (મુશીબત)માં નાંખશે." પાદશાહે મશ્કરાની વાણી તથા વઝીરની બલામણથી ખુશી થઇ મશ્કરાનો ગુન્હો માફ કરી તેને પોશાક આપ્યો.

સાર—(૧) આગળ સહજ ગુન્હાને માટે સરદારોના મનના ફાંટાઓને લીધે, હાથીના પગ નીચે નાંખી મારી નાંખવાની સજાઓ થતી હતી. તેવા જંગલી રિવાજો બંધ થવા માટે આપણે ઘણે અંશે ન્યાયપરાયણ બ્રિટિશ સત્તાના આભારી છીએ. (૨) પોતાની સમિપમાં રહેવા છતાં પ્રજાને પીડી તેમનું લોહી ચૂશી–દ્રવ્ય હરણ કરી પાડાઓ જેવા પુષ્ટ થએલા અધિકારીઓને યોગ્ય સજા કરવાને બદલે કેટલાક રાજકર્ત્તાઓ પોતાની અશક્તિ કિંવા અજ્ઞાનને લીધે સહજ કસુર કરનાર કે બિન ગુન્હેગાર દીનજનોને મોટી સજા ફરમાવે છે, તેમને આ દૃષ્ટાંત બોધ લેવાલાયક છે.

વાર્તા ૩૩ મી.

એક સિંહ અને માણસને તે બન્નેની તસબીરો એકજ મકાનમાં જોવામાં આવી, તે જોઈ (પેલા) માણસે સિંહને કહ્યું કે "મનુષ્યની બહાદુરી કેવી છે તે જો, સિંહ જેવા જાનવરને તેણે વશ કરેલો છે." (ત્યારે) સિંહ બોલ્યો "કે આ તસબીર માણસે કરેલી છે, પણ જો સિંહની બનાવેલી હોત તો આવી નહોત."

સાર—(૧) સ્ત્રીઓને સમાન કિંવા યોગ્ય હક્ક ન બક્ષનારાઓ એમ દલીલ લાવેછે કે "જૂના ગ્રંથોમાં શું લખ્યું છે તે જુઓ." અમે તેમને સવાલ કરીએ છીએ કે એ ગ્રંથોના લખનારા પુરૂષો હતા કે સ્ત્રી હતી? જો લખનાર સ્ત્રીઓ હોત, તો તેમનો દરજ્જો કેવો લખાત? એ એક મહત્વનો સવાલ છે. (૨) બારીક રીતે જોતાં જેના હાથમાં કલમ છે, એવા કયા માણસે સ્વજાતિનો પક્ષપાત નથી કર્યો?

વાર્તા ૩૪ મી.

એક શખ્સ એક લખનાર પાસે આવ્યો અને કહ્યું કે "એક કાગળ લખી આપ." તે બોલ્યો કે "મારો પગ દુખે છે." તે માણસે જવાબ દીધો કે "હું તને કોઇ જગોએ જવાનું કહેતો નથી, કે તું આવું બહાનું કહાડે છે." (ત્યારે) તે લખનારે કહ્યું કે "તું સાચું કહેછે, પણ જ્યારે હું કોઇનો કાગળ લખુંછું, ત્યારે તે હમેશાં મને વાંચવા બોલાવેછે! કારણ કે (તે કાગળ) બીજો કોઈ વાંચી શકતો નથી.

• **સાર**—(૧) કેટલાક માણસો પોતાને પૂરૂં અક્ષરજ્ઞાન પણ ન છતાં, ભણેલામાં ખપવાનો ડોળ ઘાલે છે, તેથી જ્યારે પ્રસંગ આવેછે, ત્યારે તેમની ફજેતી થયા વિના રહેતી નથી. (૨) માણસે પોતાના જ્ઞાનની કિંમત વાસ્તવિક કરતાં હમેશાં ઓછી આંકવી, પણ વત્તી નહિ.

વાર્તા ૩૫ મી.

એક માણસ કાગળ લખતો હતો અને એક અજાણ્યો માણસ તેની પાસે બેઠો હતો; તે તેના કાગળમાં જોતો હતો, (જેથી) તેણે (તે) કાગળમાં લખ્યું કે "એક અજાણ્યો બેવકૂફ માણસ મારી પાસે બેઠો છે અને મારો કાગળ (તે) વાંચે છે, તે કારણથી હું તેમાં કાંઈ ખાનગી લખી શકતો નથી." (ત્યારે પાસે બેઠેલો) માણસ બોલ્યો કે "શું તું મને બેવકૂફ ધારેછે? શા વાસ્તે તું ખાનગી લખતો નથી? મેં તારો કાગળ વાંચ્યો નથી." તે લખનારે જવાબ આપ્યો કે "જો તેં મારો કાગળ વાંચ્યો નથી, તો મેં એવું લખ્યું છે, તે તારા જાણવામાં કેમ આવ્યું?"

સાર—(૧) કેટલાક માણસોને બીજાનો કાગળ વાંચવાની કુટેવ હોયછે, તે ખરેખર અતિ મૂર્ખતા છે અને સુધરેલી રીતભાત પ્રમાણે તો તે અતિશય જંગલીપણું ગણાયછે. માટે ડાહ્યા માણસોએ તેવી ટેવથી દૂર રહેવું જોઇએ. (૨) પોતાના શબ્દોવડે પોતાનીજ વિરૂદ્ધ પુરાવો ખડો કરી આપવો, તેમ છતાં તેનો ઇનકાર કરવો, એ "ચોરી ઉપર શિરજોરી" કરવા જેવું છે.

વાર્તા ૩૬ મી.

એક દિવસ બાજ પક્ષીએ કૂકડાને કહ્યું કે "તું ઘણો બેવકૂફ છે. માણસજાત તને પાળે છે, અને (રહેવાને) ઘર આપેછે; છતાં તેઓ જ્યારે તને પકડવા આવેછે, ત્યારે તું શામાટે નાશી જાયછે? જો કે હું જંગલી પ્રાણી છું, તોપણ થોડા દહાડા સૂધી જો માણસના હાથના ખોરાકી ખાઊંછું, તો તેમને માટે હું શિકાર કરૂંછું. અને હું ગમે તેટલે દૂર જાઊં છું, તોપણ મને જ્યારે તેઓ બોલાવેછે, ત્યારે પાછો આવુંછું." કૂકડાએ જવાબ દીધો કે "તેં કોઇ બાજને શીખ[1] ઉપર પાકતો જોયો નથી, (પણ) મેં ઘણા કૂકડાને શીખ ઉપર પાકતાં, તથા ઘણાને તેવતા ઉપર તળાતાં જોયાં છે. જો તું કોઇ બાજને શીખ ઉપર પાકતો જુએ, તો તું પણ ઘણો દૂર નાશી જાય!" બાજ કાંઈ જવાબ આપી શક્યો નહિ.

---

૧ શીખ=લોઢાનો સળીઓ.

સાર—(૧) કારણુ વગર કાર્યની ઉત્પત્તિ હોતી નથી. (૨) ભયનું કારણુ હોવા વગર કોઈ કોનાથી બીતો નથી, ખરો ભયજ માણુસને કંપાવેછે. (૩) જે મુશ્કેલી જેના ઉપર વીતી હોય, તેજ તેનો ખ્યાલ કરી શકેછે.

વાર્તા ૩૭ મી.

એક વિદ્વાન માણુસ પાદશાહનો મિત્ર હતો, તેને પોતાની દાઢીના વાળ ખેંચવાની ટેવ હતી. એક દિવસ પાદશાહે તેને કહ્યું કે—"જો ફરીથી તું તારી દાઢીના વાળ ખેંચીશ તો હું તને સજા કરીશ." પછી કેટલાક દિવસ બાદ તે વિદ્વાને એક મોટું કામ કર્યું, તેથી પાદશાહે તેના ઉપર ઘણી ખુશી અને મહેરબાની બતાવી કહ્યું કે "તું જે માગે તે હું તને આપું." તેણે જવાબ દીધો કે "(ફક્ત) મને મારી દાઢી (નો ઉપયોગ) બખશિસ કરો! હું બીજું કાંઈ માંગતો નથી." (તેથી) પાદશાહે હસીને કહ્યું કે "જો તું એથીજ ખુશી છો, તો હું તેમ કરવાની તને રજા આપુંછું.

સાર—કેટલાક વિદ્વાન અને મોટા માણુસોને પણુ કેટલીક કુટેવ સજડ બેઠેલી હોયછે, કે જેને લીધે તેમને પોતાને મળતા મોટા અને કિંમતી લાભોનો ભોગ આપવો પડેછે; તેમ છતાં પણુ તેઓ પોતાની કુટેવો છોડી શકતા નથી. વાંચનના શોખીનોને તેના ઘણા દૃષ્ટાંતો યાદ હશે.

વાર્તા ૩૮ મી.

એક બદશિકલ માણુસ વૈદ્ય પાસે ગયો અને કહ્યું કે "મારા શરીરના સૌથી ખરાબ ભાગપર મને ગુંબડું થયું છે, તેની દવા આપો." વૈદ્ય તેના મોઢા તરફ જોઇ બોલ્યો કે "તું જૂઠું બોલેછે, હું તારો ચહેરો જોઉંછું આ તો કોઇ ગુંબડું નથી."

સાર—(૧) ઉપરના વૈદ્યના જવાબમાં એવો ભાવાર્થ રહેલો છે કે તારા શરીરમાં ખરાબમાં ખરાબ ભાગ મોઢું છે, એમ કહી તેની મશ્કરી કરી છે. (૨) કુદરતના સંયોગોને લીધે કેટલાક માણુસોના શરીરમાં ખામીઓ રહી જાયછે, તેવા લોકોને જોઇ કેટલાક મદમાં છકેલા બેવકુફ લોકો તેમની મશ્કરી કરેછે, એ ઘણુંજ બેવકુફીભરેલું નીચ લોકોનું કામ છે.

વાર્તા ૩૯ મી.

એક શખ્સે પોતાના નોકરને કહ્યું કે "જો તું સવારમાં બે કાગડા એક જંગોએ બેઠેલા જુએ, તો તેની મને ખબર આપજે, કે જેથી હું તેમને જોઉં, (કારણુ કે) તેથી સારૂં ફળ પ્રાપ્ત થશે, અને મારો તે આખો દહાડો ખુશીમાં જશે." અર્થાત્ (એક દિવસે) તે નોકરે બે કાગડા એક જગોએ (બેઠેલા) જોયા, તેની તેણે પોતાના શેઠને ખબર આપી, પણુ તે શેઠ જ્યારે આવ્યો ત્યારે તેણે એક કાગડો (બેઠેલો) દીઠો, અને બીજો કાગડો ઉડી ગયો હતો, (તેથી શેઠ) તે નોકરપર ઘણો ગુસ્સે થયો, અને તેને ચાબૂક મારવા મંડયો. તે વખતે તેના એક દોસ્તે તેને ખાણું મોકલ્યું, ત્યારે નોકરે અરજ કરી કે "હે! સાહેબ!

એક કાગડાને જોયાથી તમને ખાણું મળ્યું, પણ જો તમે બે કાગડા જોયા હત તો મને જે મળ્યું તે તમને પણ મળત !"

સાર—શુકન જોનારા વહેમી માણસોની મશ્કરીનો આ સારો દાખલો છે, તેમ એમાં એવો પણ ગુઢાર્થ રહેલો છે કે કોઇ બહાનું કાઢી શેઠે નોકરને સજા કરવા ધારી હોય, તો પણ કાગડાઓની ચંચળતાને લીધે તે સંભવિત છે.

વાર્તા ૪૦ મી.

(કોઇ એક) વૈદ્ય જ્યારે કબરસ્તાનમાં જતો, ત્યારે તે પોતાના માથા અને મોઢા ઉપર ચાદર ઓઢતો હતો. લોકો તેને તેનું કારણ પૂછતા, ત્યારે તે કહેતો કે "હું આ કબરસ્તાનમાં મરી ગયેલા માણસોથી શરમાઉં છું, કારણ કે તેઓ મારી દવાથી મરી ગયા છે!"

સાર—કેટલાક ગામઠી વૈદ્યો પોતાની હાનીકારક દવાઇઓથી જેટલા માણસોને આરામ કરી શકતા નથી, તેના કરતાં ઘણી મોટી સંખ્યાને બહેસ્ત કિંવા દોજખના દરવાજા તરફ રવાના કરી દેછે! એવા હકીમોની દવાઈ લેતાં દરેક માણસે વિચાર કરવો જોઇએ. એક વગર શીખેલો સુતાર ખીલાના માથા ઉપર બરાબર હથોડી પણ મારી શકતો નથી, તો પછી શારીર અને વૈદ્યકશાસ્ત્ર જેવા ગહન વિષયમાં વગર શીખેલા માણસો કેટલા બધા ભયંકર છે! તેનો ખ્યાલ હરકોઇને સહજ આવી શકશે.

વાર્તા ૪૧ મી.

એક જુલમગાર પાદશાહ એક દિવસ પોતાની સાથે કોઇપણ માણસ ન રાખતાં એકલો તે શહેરથી બહાર ગયો. ત્યાં એક માણસને કોઈ ઝાડ નીચે બેઠેલો જોયો, તેને તેણે પૂછ્યું કે " આ દેશનો પાદશાહ કેવો છે? તે જુલમી છે કે ન્યાયી ?" તેણે જવાબ દીધો કે " તે ઘણો જુલમગાર છે!" (ત્યારે) પાદશાહે પૂછ્યું કે "તું મને ઓળખે છે?" તેણે કહ્યું કે "ના" ત્યારે પાદશાહે કહ્યું કે "હું આ દેશનો પાદશાહ છું." (આ શબ્દોથી) તે માણસ બ્હીનો અને તેણે (પાદશાહને) પૂછ્યું કે "હું કોણ છું તે આપ જાણો છો?" પાદશાહે જવાબ દીધો કે "હું તને ઓળખતો નથી." (ત્યારે) તેણે જણાવ્યું કે " હું અમુક સોદાગરનો છોકરો છું, મહિનામાં ત્રણ દિવસ હું ઘેલો થઇ જાઉં છું, આજનો દહાડો (પણ) તે ત્રણમાંનો એક છે!" (ત્યારે) પાદશાહ હસ્યો અને તેને કાંઇપણ કહ્યું નહિ.

સાર—જેમની બુદ્ધિ ઉપર ખુશામતના રંગનું સજ્જડ પડ ચડી ગયું છે, એવા રાજકર્ત્તાઓ પોતાના વિરૂદ્ધ કંઇ સત્ય રીતે પણ બોલવામાં આવે, તો તે જોવાને તેઓ અશક્ત હોયછે; તેમની દરેક બદખાશિયતોને પણ નીચ ખુશામદખોર લોકો ઇશ્વરી આજ્ઞાની પેઠે વધાવી લેછે. એવા રાજકર્ત્તાઓને સત્યનાં તો દર્શન થવાં પણ દુર્લભ છે.

વાર્તા ૪૨ મી.

એક કવિ કોઈ પૈસાદાર પાસે ગયો, અને તેનાં ઘણા વખાણ કર્યાં, તેથી તે પૈસાદાર

ખુશ થયો. અને કહ્યું કે "મારી પાસે પૈસા નથી પણ અનાજ પુષ્કળ છે, જો તું (કાલે) સવારે પાછો આવે તો હું તને થોડું અનાજ આપું." (પછી) તે કવિ પોતાને ઘેર ગયો, અને બીજે દિવસે સવારે ફરી તે પૈસાદાર માણસ પાસે આવ્યો. (ત્યારે) પેલા પૈસાદારે તેને પૂછ્યું કે "કેમ આવ્યો?" તેણે જવાબ દીધો કે "(ગઇ) કાલે તમે મને અનાજ આપવા કહ્યું હતું, તે લેવા આવ્યો છું." ત્યારે પૈસાદારે જવાબ દીધો કે "તું મોટો મૂર્ખ છે, (કેમકે) તેં મને શબ્દોવડેજ ખુશ કર્યો, તો મેં પણ તને શબ્દોવડે ખુશ કર્યોછે. તો હવે મારે (તને) શામાટે અનાજ આપવું જોઇએ?" તેથી તે કવિ શરમાઇને ચાલતો થયો.

સાર—કુપાત્રને યાચનાર કવિઓને બોધ લેવાલાયક આ વાર્તા છે. (૨) જે કવિતા મહાન્ શૂરવીરો, ઉદાર પુરૂષો અને પરમ ન્યાયિક રાજકર્ત્તાઓની કીર્ત્તિ કાયમ કરવાનું એક ઉત્તમ સાધન છે, તે કવિતાને એક નીચ અને "ચમડી તૂટે પણ દમડી ન છૂટે" એવા કંજૂસોની સ્તુતિ કરવાના ઉપયોગમાં લેવી, એ ખરેખર કવિતાને અપમાનકારક છે, એટલુંજ નહિ પણ તેના કરનારને કલંકરૂપ છે.

વાર્તા ૪૩ મી.

એક ફકીરે (કાંઇ) મોટો ગુન્હો કર્યો, તેને ત્યાંના સીદી કોટવાળ પાસે લઇ જવામાં આવ્યો, તેણે (સીદી કોટવાળે) તે ફકીરનું આખું મોઢું કાળું કરી, તેને આખા નગરમાં ફેરવવાનો હુકમ કર્યો, ત્યારે તે ફકીર બોલ્યો કે "હે! કોટવાળ! મારૂં અડધું મોઢું કાળું કરો, નહિ તો શહેરના લોકો મને સીદી કોટવાળ જાણશે!" કોટવાળ તેના આ વચનોથી હસ્યો અને તે ફકીરને તેણે માફ કર્યું.

સાર—કેટલીકવાર હાજર જવાબ અને ખુશમસ્કરીથી સારૂં પરિણામ મેળવી શકાયછે, પણ તેમાં પાત્ર અને સમયનો વિચાર કરવો અવશ્યનો છે.

વાર્તા ૪૪ મી.

એક આંધળો માણસ અંધારી રાતે હાથમાં ફાનસ લઇ, પોતાના ખભા ઉપર એક માટીનું વાસણ ઉપાડી બજારમાંથી જતો હતો. એક માણસે તેને પૂછ્યું કે "હે! બેવકૂફ! તારી આંખોને રાત દિવસ સરખાં છે, તો પછી આ બત્તી તારા શા ઉપયોગની? (ત્યારે) તે આંધળે હસીને જવાબ દીધો કે "આ બત્તી મારા ઉપયોગને માટે નથી, પણ તે તમારા ઉપયોગને માટે છે, કેમકે રાતે તમે મારૂં વાસણ ભાંગી નાંખો નહિ!"

સાર—જગત્કર્ત્તાએ જેને આંખોનું નૂર બક્ષેલું છે, એવા માણસો કેટલીક વાર પોતાને મળેલી શક્તિનો ઉપયોગ કરવામાં બેદરકાર બની આંધળાઓ કરતાં પણ વધારે અનર્થ કરેછે. તેમને આ રમુજી દાખલો ઠીક લાગુ પડેછે.

વાર્તા ૪૫ મી.

એક ફકીર કોઇ ગાંધીની દુકાને ગયો, અને તેણે કાંઇ ખરીદવામાં ઘણી ઉતાવળ કરી,

તેથી ગાંધીએ તે ફકીરને ગાળ આપી, ત્યારે તે ફકીરે ગુસ્સે થઇ તે ગાંધીના માથામાં એક ખાસડું માર્યું, (જેથી તે) ગાંધી કોટવાળ પાસે ગયો અને ફરિયાદ કરી. કોટવાળે તે ફકીરને તેડાવ્યો. અને તેને પૂછ્યું કે "તેં આ ગાંધીને ખાસડું શામાટે માર્યું?" તેણે જવાબ દીધો કે "તેણે મને ગાળ આપી માટે." કોટવાળે કહ્યું કે "હે! ફકીર તેં મોટો ગુન્હો કર્યોછે, પણ તું ફકીર છો, તે કારણથી હું તને સજા કરતો નથી, જતો રહે અને આઠ આના આ ગાંધીને આપજે, એ સજા તારા ગુન્હાના પ્રમાણમાં બરાબર છે." ફકીરે એક રૂપિઓ પોતાના ખીસામાંથી કાઢયો અને તે કોટવાળના હાથમાં આપી, એક ખાસડું કોટવાળના પણ માથામાં ઠોકયું અને બોલ્યો કે "જો આવોજ ઇન્સાફ છે, તો (એમાંથી) આઠ આના તું વહેંચી લે, અને આઠ આના ગાંધીને આપ!"

સાર—(૧) આવા હાસ્યજનક દાખલા વર્તમાનકાળમાં પણ કોઇકવાર જોવામાં આવેછે. (૨) ન્યાય કરનારે ગુન્હાનું કારણ પણ પૂર્ણપણે લક્ષમાં લેવું જોઇએ; વગર કારણે ગાળ આપવી, તેના કરતાં ગાળ આપનારને ખાસડું મારવું એ ગુન્હો મોટો શીરીતે ગણી શકાય? જો પેલા માણસે ગાળ આપી ફકીરનું લોહી ઉશ્કેર્યું ન હોત તો તેને ખાસડું મારવાનું કશું કારણ બનત નહિ. (૩) કોઇકવાર ઝનુની માણસો પ્રત્યે અયોગ્ય હુકમ કરવામાં આવે, તો તેઓ તત્કાળ હુકમનો અનાદર કરી કરનાર ઉપર વેર વાળેછે.

વાર્તા ૪૬ મી.

એક ચિતારો કોઇક શહેરમાં ગયો, ત્યાં તે વૈદકનો ધંધો કરવા લાગ્યો. થોડા વખત પછી તેના શહેરનો એક માણસ ત્યાં જઇ ચડયો, તેણે તેને (ચિતારાને) પૂછ્યું કે તું અહીં શું ધંધો કરેછે?" તેણે જવાબ આપ્યો કે "વૈદકનો." (ત્યારે) પેલાએ પૂછ્યું કે—"શામાટે?" તેણે (ચિતારાએ) જવાબ આપ્યો કે "આ ધંધામાં હું જે ગફલત કરૂંછું તેને જમીન સંતાડેછે."

સાર—(૧) વાર્તા ૪૦ મી પ્રમાણે. (૨) ચિતારાની ભૂલ એક સાધારણ માણસ પણ પહેલા દેખાવેજ પકડી પાડેછે, પરંતુ એક વૈદની ભૂલ પકડવા માટે ઘણી વાર ઘણા માણસો નિષ્ફળ જાયછે, કેમકે મરણ થયા પછી બહુધા તેની તજવીજ કરવાનો પૂર્વે ભણીના દેશોમાં રિવાજ નહોતો.

વાર્તા ૪૭ મી.

એક ગરીબ કવિ કોઈ પૈસાદાર માણુસ પાસે ગયો અને તેની પાસે એટલો તો નજીક બેઠો કે—તે બેની વચ્ચે એક વેંતથી વધારે અંતર રહ્યો નહિ. જેથી તે પૈસાદાર ગુસ્સે થયો અને મોઢું ચડાવી તેને પૂછ્યું કે "તારા અને ગધેડામાં કેટલો ફેર?" તેણે જવાબ દીધો કે—"નક્કી એક વેંત જેટલો!" આ જવાબથી તે પૈસાદાર ઘણો શરમાઇ ગયો અને માફી માગી.

સાર—હલકા માગણ લોકોએ જબરીથી કવિનું પદ ધારણ કરી લોકોની જૂઠી સ્તુતિ નિંદા સહેજ લાલચથી તુચ્છ શબ્દોમાં કરવા માંડી, તેને લીધે અજ્ઞાન લોકો કવિઓનો દરજ્જો હલકો સમજવા લાગ્યા; પરંતુ જેમની પવિત્ર અને શ્રેષ્ટ વાણી મહાન્ પુરૂષોની કીર્તિ

અમર કરવાને શક્તિમાન છે, તેવા કવિઓનો દરજ્જો ડાહ્યા માણસો અને વિચારવંત પુરૂષો કદીપણ હલકો ગણતા નથી. શ્રેષ્ટ રાજા-પાદશાહોએ પણ કવિઓને ઉત્તમ દરજ્જો બક્ષેલો હતો, તે ઇતિહાસોથી સિદ્ધ છે.

વાર્તા ૪૮ મી.

કોઈ પાદશાહે એક વિદ્વાન માણસને બોલાવ્યો અને કહ્યું કે—"હું તમને આ શહેરનો કાઝી બનાવવા ઇચ્છુંછું" તેણે જવાબ દીધો કે "હું એ જગ્યાને લાયક નથી" પાદશાહે પૂછ્યું કે—"શામાટે" તેણે જવાબ દીધો કે—"જે હું બોલ્યો છું તે જો ખરૂં હોય તો તેથી હું નાલાયક છું, અને જો હું જૂઠું બોલ્યો હોઉં તો પછી જૂઠા માણસને કાઝી બનાવવો લાયક નથી." પાદશાહને તેની અરજ પસંદ આવી, જેથી તે તેણે મંજુર રાખી.

સાર—(૧) આ સત્ય અને નિરાભિમાનનું ઉત્તમ દૃષ્ટાંત છે. (૨) "હું લાયક નથી યાને મારામાં કશી લાયકાત નથી" એ શબ્દો ઘણા લોકો વારંવાર વિવેકની ખાતર વાપરે છે, તેનો સમાવેશ અસત્યમાં કરવો કે નહિ ? એ એક સવાલ છે.

વાર્તા ૪૯ મી.

એક વખતે કોઇ અમીર એક નિશાન ઉપર તીર મારતો હતો, ત્યાં તીર મારનારા બીજા ઘણા જણ હતા, પણ કોઇનું તીર તે નેમ ઉપર બરાબર લાગતું નહોતું. ત્યાં એક ફકીર આવી ચડયો. અને તેણે (પેલા) અમીર પાસેથી કાંઈ મળવાનો સવાલ કર્યો, અમીરે તેના હાથમાં પોતાનું તીરકામઠું આપ્યું, અને તે નેમ ઉપર મારવા કહ્યું. ફકીરે તે નેમ ઉપર તીર ફેંક્યું અને અકસ્માત તેને લાગી ગયું, એથી અમીર ઘણો ખુશ થયો અને તે ફકીરને સો રૂપિયા ઇનામ આપીને રજા આપી, ત્યારે ફકીરે અમીરને કહ્યું કે—"મેં સવાલ કર્યો તેનું મને કાંઇ મળ્યું નથી." તેથી તે અમીર ગુસ્સે થઇ બોલ્યો કે—"મેં તને સો રૂપિયા આપ્યા અને તું કહેછે મને કાંઈ મળ્યું નથી એ કેવા શબ્દો ?" ત્યારે ફકીરે કહ્યું કે—"જે સો રૂપિયા મને મળ્યા છે તે તો નિશાન મારવાના મળ્યા છે, પણ મારા સવાલનું મને શું મળ્યું છે ?" (આથી) અમીર હસ્યો અને તેને બીજું ઇનામ દીધું.

સાર—સમર્થ અને ખાનદાન પુરૂષોની ખુશી વણીકવૃત્તિના માણસોની પેઠે ખાલી હોતી નથી. એક કવિ કહેછે કે "રીઝત ધિક બિનમોજ" એટલે મોજ વગરની રીઝને ધિક્કાર છે.

વાર્તા ૫૦ મી.

એક રાત્રે કોઇ કાઝીએ એક કિતાબમાં જોયું કે જે શખ્સનું માથું નાનું અને દાઢી લાંબી હોય તે મૂર્ખ હોયછે. તે કાઝી પોતાનું માથું નાનું અને દાઢી લાંબી હતી, તેથી તે મનમાં બોલ્યો કે "હું માથાનું કદી તો વધારી શકતો નથી, પણ દાઢીને ટુંકી કરી શકીશ" એમ વિચારી તેણે કાતર શોધવા માંડી, પણ તે મળી નહિ, ત્યારે લાચાર થઇ તેણે પોતાની અડધી દાઢી પોતાના હાથમાં લીધી અને (બાકીની) અડધી દીવાપર ધરી ! પણ

જ્યારે તે દાઢી સળગી ત્યારે તેની જ્વાળા તેના હાથને પહોંચી, જેથી તેણે હાથમાં પકડેલી દાઢી પણ છોડી દીધી, તેથી આખી દાઢી પણ બળી ગઇ! તેથી કાઝી ઘણોજ શરમાયો, કારણ કે એ કિતાબમાં જે લખ્યું હતું તે ખરૂં પડ્યું!

સાર—બેવકુફ માણસો પોતાની બેવકુફી ઢાંકવાને જે કૃત્ય કરેછે, તેથી તે વધારે બેવકુફ બને છે અને પોતાની બેવકુફી પોતાનાંજ કૃત્યવડે દુનિયાને સાબિત કરી આપેછે.

વાર્તા ૫૧ મી.

એક દિવસ કોઇ પાદશાહ પોતાની મહેલના ઝરૂખાપર બેઠો હતો. તે વખતે તેણે એક માણસને તે સામેની દીવાલ પાસે એક પક્ષીને પોતાના હાથમાં લઇ તેના તરફ તેને ફુદાવતો દીઠો. (જેથી) પાદશાહે તેને બોલાવી પૂછ્યું કે "તું મને પક્ષી શામાટે બતાવેછે?" તેણે જવાબ આપ્યો કે "હે! ખુદાવંદ! મેં કોઇ શખ્સ સાથે આપના નામથી શરત કરી હતી, તેમાં આ પક્ષી હું જીત્યોછું; તે આપ ખુદાવંદ માટે લાવ્યો છું." (આથી) પાદશાહ ખુશ થયો અને તે પક્ષીને પોતાનાં રસોડામાં મોકલ્યું. પછી બે ત્રણ દહાડા ગયા બાદ તેજ શખ્સ એક ઘેટું લઈ ફરી પાદશાહ પાસે આવ્યો અને કહ્યું કે "આ ઘેટું હું આપ નામદારના નામપર જીત્યો છું." પાદશાહે તે પણ કબૂલ રાખ્યું. ત્રીજી વાર તે માણસ એક બીજા શખ્સને પાદશાહ પાસે તેડી ગયો, પાદશાહે જ્યારે તેને ખાલી હાથે આવતો દીઠો ત્યારે તેને પૂછ્યું કે "આજ મારા માટે કાંઇ લાવ્યો નથી?" તેણે અરજ કરી કે "આ માણસની સાથે મેં આપ નામદાર તરફથી બે હજાર રૂપિયાની શરત કરી હતી, તેમાં હું હાર્યોછું, જેથી હમણા આ શખ્સ આપ નામદાર પાસેથી પૈસા લેવા આવ્યો છે. (આ જવાબથી) પાદશાહે હશીને તે પૈસા તેને આપી દીધા અને કહ્યું કે "હવે મારે નામે કોઇથી શરત કરીશ નહિ (કારણકે) હવે પછી તારી પાસેથી હું કાંઇ લઇશ પણ નહિ અને તને કાંઈ આપીશ પણ નહિ.

સાર—(૧) વગર કારણે કોઇ માણસ આપણને કાંઇ આપવા આવે, ત્યારે તેમાં કાંઇ ભેદ છે એમ સમજવું જોઇએ. (૨) લુચ્ચા અને હરામખોર લોકો ભોળા અને લાલચુ લોકોને પહેલાં થોડી લાલચ બતાવી પછી પોતાનું કામ શીરીતે કાઢી લેછે તેનું આ દ્રષ્ટાંત છે. (૩) જે બાબતમાં તમે લાભ (કદાચ થોડો પણ) કબૂલ કરો છો, તે બાબતમાં તમને હાની (કદાચ મોટી) પણ કબૂલ કરવીજ પડશે. તેનો પ્રથમથી વિચાર કરવો જોઇએ.

વાર્તા ૫૨ મી.

એક શખ્સને સ્વપ્નામાં શેતાન* સાથે મુલાકાત થઇ, તેણે તેની દાઢી પકડી તેના ગાલ ઉપર એક તમાચો માર્યો, અને કહ્યું કે "અરે! ચંડાળ! તું માણસ જાતનો દુશ્મન છે; અને અમને દુઃખી કરવા માટે તું લાંબી દાઢી રાખે છે!" એમ કહી તેને બીજો તમાચો મારતાં તે જાગી ઉઠ્યો, પણ તેણે પોતાની દાઢી પોતાના હાથમાં પકડેલી જોઇ, તેથી તે શરમાયો અને પોતાને હસ્યો.

* માણસોને ખરાબ રસ્તે દોરનાર દેવ.

સાર—મનના ચમત્કારો અજબ છે. આપણે કેટલીક ભૂત પ્રેતની ચમત્કારીક વાતો સાંભળીએ છીએ, તે સર્વનું કારણ મનની બીક હોયછે, તેમ સ્વપ્નાના વિચિત્ર વિચારોનું કારણ પણ મનની અવ્યવસ્થાનું છે. તેજ પ્રમાણે આ સ્વપ્નામાં શેતાનની દાઢી પકડી તમાચો મારનાર માણસ ખરી રીતે પોતાની દાઢી પકડી તમાચો મારે એનો પણ માનસિક ચમત્કારોમાં સમાવેશ થાયછે, ભૂતનું મોઢું કાળું કરવા જતાં પોતાનું મોઢું કાળું કરી આવેલા માણસની ખરી બનેલી વાત અમે સાંભળી છે.

વાર્તા ૫૩ મી.

કોઇ એક માણસ એક ફકીર પાસે ગયો, અને તેને ત્રણ સવાલો પૂછ્યા. પહેલો સવાલ એ કે—"તું શામાટે કહેછે કે ઈશ્વર સર્વવ્યાપક છે? હું તેને કોઇ જગોએ જોતો નથી, તો મને બતાવ કે તે ક્યાં છે?" બીજો સવાલ એ કે "માણસને ગુન્હા માટે સજા શામાટે કરવામાં આવેછે? કેમકે માણસ જે કાંઈ ગુન્હા કરેછે, તે ઈશ્વરની ઇચ્છાથી થાયછે, માણસની એવી શક્તિ નથી કે તે કાંઇ કરી શકે, કારણકે તે ઈશ્વરની મરજી વિરૂદ્ધ કાંઇપણ કરી શકતો નથી." ત્રીજો સવાલ એ કે "શેતાનને ઈશ્વર નર્ક—અગ્નિના કુંડમાં નાંખી શી રીતે સજા કરેછે? કેમકે શેતાન પોતે અગ્નિનો બનેલો છે, તો દેવતા, દેવતા ઉપર શું અસર કરશે?" ફકીરે એક માટીનું ઢેફું લઇ તેના માથાપર માર્યું, તેથી તે માણસ રોતો રોતો કાઝી પાસે ગયો અને કહ્યું કે "ફલાણા ફકીરને મેં ત્રણ સવાલો પૂછ્યા, તો તેના જવાબ ન આપતાં તેણે મને માટીનું એક ઢેફું એવું તો માર્યું કે તેથી મારૂં માથું દુખે છે." (તે પરથી) કાઝીએ પેલા ફકીરને બોલાવ્યો અને પૂછ્યું કે "તેં આ શખ્સના સવાલોના જવાબ આપવાને બદલે તેના માથા ઉપર શામાટે ઢેફું માર્યું?" ફકીરે જવાબ આપ્યો કે—"માટીનું ઢેફું એના સવાલોનો જવાબ છે. તે કહેછે કે મારા માથામાં દરદ થાયછે, તો તેને પૂછો કે તે ક્યાં થાયછે? જો તે દરદ બતાવે તો હું તેને ઈશ્વર ક્યાં છે તે બતાવું. અને તે મારી વિરૂદ્ધ આપની પાસે ફરિયાદ શામાટે કરેછે, કેમકે જે કાંઇ મેં કર્યું છે, તે ઈશ્વરે કર્યું છે, મેં તેને ઈશ્વરની મરજી વિરૂદ્ધ માર્યું નથી, મારામાં શી શક્તિ છે? વળી તે માટીનો બનેલો છે તો તેને માટીનું ઢેફું શું અસર કરી શક્યું હશે?" આ જવાબથી તે માણસ ઘણો શરમાયો તથા કાઝી પણ ફકીરના જવાબોથી ઘણો ખુશી થયો.

સાર-(૧) કેટલાક પદાર્થો જેમ નજરથી દેખાતા નથી, પણ તેની ક્રિયાઓવડે તેનું હોવાપણું ફરજિયાત કબૂલ કરવું પડેછે, તેમ ઈશ્વરની હયાતી પણ તેના અગાધ ઐશ્વર્યને જોઇને કબૂલ કરવીજ પડેછે. (૨) ઈશ્વરની શક્તિ—કુદરતવડે જગતના તમામ વ્યવહાર થયાજ કરેછે. માટે સામાન્ય રીતે એમ કહી શકાય કે ઈશ્વરની મરજી વિરૂદ્ધ કાંઇ થતું નથી, યાને કોઇ કાંઇ કરી શકતો નથી, પરંતુ તેથી કંઇ ઈશ્વરે જેને બુદ્ધિ અને બીજા સર્વ અવયવો આપ્યા છે, એવો માણસ પોતાના કૃત્યની જવાબદારીથી મુક્ત થઇ શકતો નથી, કારણકે કૃત્યાકૃત્યનો નિશ્ચય કરવાને ઈશ્વરે તેને બુદ્ધિ અને બીજી વૃત્તિઓ આપેલી છે, તેને લીધે તે પોતાનાં કામોનો જવાબદાર છેજ.

વાર્તા ૫૪ મી.

એક ઘોડેસવાર કોઇએક શહેરમાં ગયો, ત્યાં ઘણા ચોર છે એવું તેના સાંભળવામાં આવ્યાથી તેણે પોતાના ઘોડાવાળા (સાણી)ને રાત્રે કહ્યું કે “ તું સુઇ રહે અને હું ચોકી કરીશ. કારણકે હું તારાપર ભરોસો રાખી શકતો નથી.” તેણે કહ્યું કે “હે! સાહેબ! અફસોસ છે કે આપ આ શું બોલોછો! મારો ધણી જાગે ને હું સુઇ જાઉં, તેની હું હા કેમ પાડી શકું? હું તેમ કરી શકોશ નહિ.” ટુંકામાં ધણી સુઇ ગયો અને નોકર જાગ્યો. એક પહોર (ત્રણ કલાક) પછી તે માલિક ઉઠયો, ત્યારે તેણે ઘોડાવાળાને હાંક મારી (કહ્યું)કે “તું શું કરેછે?” તેણે જવાબ આપ્યો કે “હું વિચાર કરૂંછું કે ઇશ્વરે જમીનને પાણી ઉપર કેમ પાથરી હશે!” ધણીએ જવાબ આપ્યો કે “મને બીક લાગેછે કે રખે ચોરો આવી ઘોડો લઇ જાય અને તને ખબર પણ નહિ પડે.” તેણે જવાબ દીધો કે “મારા સાહેબ ! ખાત્રી રાખો હું ચોકી રાખું છું.” તે માલિક ફરી સુઇ ગયો અને મધરાતે ફરી જાગ્યો અને તેના નોકરને પૂછયું કે “ શું કરેછે ?” તેણે જવાબ આપ્યો કે “હું વિચાર કરૂંછું કે આકાશને ઇશ્વરે થાંભલા વગર (અધર) કેમ રાખ્યો હશે ?” તેણે કહ્યું કે “ મને ધાસ્તી રહેછે કે તારા વિચારોમાં રખે ચોરો ઘોડો લઇ જાય.” તેણે કહ્યું “ મારા સાહેબ ! હું જાગું છું, ચોરો શી રીતે આવી શકશે?” ધણીએ કહ્યું કે “ જો તારે સુઇ રહેવું હોય તો સુઇ જા અને હું જાગૃત રહીશ.” તેણે જવાબ આપ્યો કે “ મને ઊંઘ આવતી નથી.” (તેથી) તે સવાર ફરી સુઇ ગયો અને રાત્રી બાકી એક પહોર (ત્રણ કલાક) રહી એટલે ફરી જાગ્યો અને ઘોડાવાળાને પૂછયું કે “ શું કરેછે ? તેણે કહ્યું કે ચોરો ઘોડો લઈ ગયા, એટલે તેનું જીન હવે સવારે તમે ઉપાડશો કે મારી પાસેથી ઉપડાવશો ? તેનો હું વિચાર કરૂંછું !”

સાર—(૧) બેવકૂફ નોકરોની વાતો ઘણી પ્રસીદ્ધ છે, તે માંહેલું આ પણ નોકરની બેવકૂફીનું એક દ્રષ્ટાંત છે. (૨) જે માણસ પોતાને સોંપાયલા કામ (ફરજ) નો વિચાર મૂકી બીજા હવાઈ વિચારોમાં પોતાનું મન લગાડે છે તે પોતાની ફરજનું ભાન ભૂલી જાયછે, અને તેથી મૂર્ખ બની તે અપમાનને પાત્ર થાયછે. (૩) થોડા પૈસાનો લોભ કરી જે માણસ હલકા અને ગમાર નોકરો રાખેછે, તેને અંતે પોતાની કંજુસાઇ માટે પસ્તાવો કરવો પડે છે.

વાર્તા ૫૫ મી.

કોઇ ફકીર એક કંજુસ પાસે ગયો, અને તેની પાસેથી કાંઇ માગ્યું, ત્યારે કંજુસે કહ્યું કે “ જો તું મારી એક વાત કબૂલ રાખીશ, તો બીજું તું ગમે તે કહીશ તે હું કરીશ.” ફકીરે કહ્યું કે “શું?” કંજુસ બોલ્યો “તારે કાંઇપણ ચીજ મારી પાસેથી માંગવી નહિ; બીજું જે કાંઇ તું કહીશ તે હું કરીશ.”

સાર–(૧) કંજુસપણું એક નિંદવાજોગ અવગુણ છે, શાસ્ત્રવેત્તાઓ કંજુસાઈ યાને લોભના બે પ્રકાર બતાવેછે. (૧) ખરી જરૂરિયાતમાં ન ખરચવું તે, અને (૨) જે લેવાનો

આપણને હક નથી તે યુક્તિ કિંવા બળથી લઇ લેવું તે. ચોરી, જુગાર, લાંચ, લૂંટ, ઇત્યાદિ પૈસા પેદા કરવાની અપ્રમાણિક ઉપાયોનો સમાવેશ કંજુસાઇ યાને લોભમાં થાયછે: લોભ અને કરકસરમાં જેમ તફાવત છે તેમ ઉડાઉપણું અને ઉદારતામાં પણ ફેર છે, કરકસર અને ઉદારતા એ સદ્‌ગુણ છે અને લોભ તથા ઉડાઉપણું એ દુર્ગુણ છે.

વાર્તા ૫૬ મી.

એક શખ્સ એક કંજુસનો દોસ્ત હતો, તેણે તેને એક દિવસે કહ્યું કે "હું મુસાફરીએ જાઉંછું, (માટે) તારી વીંટી મને યાદગીરી માટે આપ, (તો) તેને હું મારી સાથેજ રાખીશ અને જ્યારે જ્યારે હું તેને જોઇશ, ત્યારે ત્યારે તું મને યાદ આવીશ" તેણે (તે કંજુસ મિત્રે) જવાબ આપ્યો કે " જો તું મને યાદ કરવા માગતો હો, તો જ્યારે તારી આંગળી તું ખાલી જુએ ત્યારે મારા વિષે વિચાર કરજે કે તેં મારી પાસેથી વીંટી માગી છતાં મેં તને આપી નહિ."

સાર—જે લોકો ખરેખરા પૈસાના પૂજારી છે તેમને સંબંધ, નાતો, પ્રેમ, દોસ્તી, ભલાઈ, વ્યાજબીપણું, ઇત્યાદિ કોઈપણ ઉત્તમ ભાવો અસર કરી શકતા નથી; જાણે તેમની વૃત્તિઓ વારંવાર પૈસા સંબંધની પ્રબળ અસર લાગવાથી બહેર મારી (મરી)જ ગઇ હોય નહિ એવું દેખાય છે. એને સામાન્ય શબ્દોમાં 'વણિકવૃત્તિ' એવું નામ અપાય છે. એવા લોકોને માન અપમાનની પણ કાંઈ લાગણી રહેતી નથી, કોઇ પણ રીતે—(યોગ્ય કે અયોગ્ય હોય તોપણ) પૈસા મળે અથવા મેળવેલા પૈસા જાય નહિ, એજ તેમની મોટામાં મોટી નેમ હોયછે.

વાર્તા ૫૭ મી.

એક વિદ્વાન માણસ કોઈ એક શહેરમાં ગયો, અને ત્યાંના એક મોટા માણસ વિષે સાંભળ્યું કે તે મુસાફરોની સારી પરોણાચાકરી કરેછે, તેથી તેની પાસે તે ગયો અને ત્યાં પોતાનાં જૂનાં લૂગડાં પહેરી ગયો. તેથી તેને ત્યાં જરાપણ માન મળ્યું નહિ, એટલુંજ નહિ પણ તેને બેસવાનું પણ કોઇએ કહ્યું નહિ. જેથી તે વિદ્વાન માણસ વિચારમાં પડયો અને ત્યાંથી તે ચાલી નીકળ્યો. બીજે દિવસે તેણે નવો પોશાક ભાડે લીધો અને તે પહેરીને ત્યાં ગયો. તેથી તે ઘરધણીએ તેને ઘણું માન આપ્યું, અને તેને પોતાની બાજુમાં બેસાડયો, તથા તેને સ્વાદિષ્ટ ભોજન જમાડવા માટે પીરસવામાં આવ્યાં; જ્યારે તે વિદ્વાન માણસ જમવા બેઠો ત્યારે તેણે કોળીઓ લઇને પોતાનાં લૂગડાં ઉપર મૂક્યો, ત્યારે તે ઘરધણીએ તેને તેનું કારણ પૂછ્યું, તેથી તેણે (વિદ્વાને) જવાબ દીધો કે "કાલે હું જૂનાં લૂગડાં પહેરી આવ્યો હતો, ત્યારે મને કશું માન મળ્યું નહોતું; પણ આજ હું ભભકાથી આવ્યોછું તેથી હું ધારૂંછું કે (આ) ભોજન મારાં લૂગડાં માટે છે. પણ મારા પોતાને વાસ્તે નથી!" આથી પેલો ઘરધણી શરમાયો અને (તેણે) માફ માગી.

સાર—ઘણીખરી જગોએ આડંબર (ભભકો)જ માન મેળવે છે. સામાન્ય લોકો ગુણ કરતાં દેખાવ ઉપર વધારે મોહિત થાયછે, તોપણ પહેલી મુલાકાતમાં તો બહુધા આડંબરી લોકોજ જીત મેળવે છે. જનસમૂહ ઊંડા ઉતરી તપાસ કરવાના કરતાં ઉપર ઉપર જ તરવાનું વધારે પસંદ કરતો જણાયછે. ઊંડા ઉતરનાર—બારીક તપાસ કરનાર માણસો જગત્માં બહુજ થોડા હોયછે.

વાર્તા ૫૮ મી.

એક પાદશાહે પોતાના દુશ્મન સામે ફોજ મોકલી, તે ફોજનો પરાજય થયો (પણ) તેમાંનો એક શખ્સ ઉતાવળથી પાદશાહ પાસે આવ્યો અને જણાવ્યું કે "આપના લશ્કરે ફતેહ મેળવી છે." તેથી પાદશાહે તેને ઇનામ આપ્યું. તે પછી બીજે દિવસે પરાજયના સમાચાર આવ્યા; તેથી પાદશાહે પેલા શખ્સને સજા કરવા માગી, ત્યારે તેણે અરજ કરી કે "મારા સાહેબ ! હું સજાને પાત્ર નથી કારણ કે મેં બે દિવસ લગણ આપને ખુશીમાં રાખ્યાછે, તો આપે મને નાખુશ શામાટે કરવો જોઇએ?" પાદશાહ તેના હાજરજવાબથી ખુશ થયો અને તેને બીજું ઇનામ આપ્યું.

સાર—હરેક સારા માઠા બનાવની ખબર જો પ્રથમથી ખરેખર રીતે કોઇ આપી શકતો હોય, તોપણ તેથી કશો ફાયદો નથી, કેમકે—જે માઠા બનાવની ખબર આપણને કેટલીક મુદત પછી મળવાની હોય તે પહેલેથીજ મળવાથી તેટલાં દિવસની આપણી ખુશીનો નાશ થાયછે, જો કે આથી વિરૂદ્ધ વાત પણ કોઇકવાર ઉપયોગી થાયછે, પણ ઘણુંકરીને તો તેથી ફાયદો થતો નથી. એક કવિ કહેછે કે "જોય ઘડી આનંદકી જીવનકા ફલ સોય."

વાર્તા ૫૯ મી.

કોઇ પાદશાહે એક જ્યોતિષીને પૂછ્યું કે—"મારી ઉમ્મર હજી કેટલા વર્ષ બાકી છે?" તેણે જવાબ દીધો કે "બે વર્ષ." પાદશાહ એથી ઘણો ગભરાઇ ગયો અને તે જાણે બિમાર હોય તેમ પથારીમાં પડયો. તેનો વઝીર ઘણો અક્કલવાળો હતો, તેણે પેલા જ્યોતિષીને પાદશાહની રૂબરૂ બોલાવ્યો અને તેને પૂછ્યું કે "તારી ઉમ્મર બાકી કેટલા વર્ષ છે?" તેણે જવાબ દીધો કે "વીશ વર્ષ." વઝીરે તરત તે જ્યોતિષીને ત્યાંજ તરવારથી કાપી નાંખ્યો, જેથી પાદશાહનું મન પાછું શાંતિમાં આવ્યું. તેણે વઝીરની દરમ્યાનગીરીનાં વખાણ કર્યાં અને ફરી જ્યોતિષીઓનું કદી પણ સાંભળ્યું નહિ.

સાર—"ભાવિષ્યવાદી ભૂતળે, કર્યા નથી કરતાર." (ક૦ દ૦ ડા.)

જ્યોતિષ ઉપર શ્રદ્ધા રાખી તેમાં વખત અને પૈસાનો ભોગ આપનારા માણસોનો કાંઇ જગત્માં તોટો નથી. જે લોકો—જ્યોતિષને સત્ય માનનારા છે તેમની વિચિત્ર વાતો, જોડી કાઢેલાં દ્રષ્ટાંતો અને તદબીરથી રચેલી દલીલો સાંભળી નબળા મનના, વહેમી અને અ-

યોગ્ય સ્વાર્થને ચાહનારા અર્ધું માણસોને અસર થાય ખરી, પરંતુ જે લોકો હરેક પ્રકારના વહેમોથી દૂર છે, બહાદુર છે, જ્ઞાની છે, તથા વ્યાજબી રીતે ચાલનાર ન્યાયી અને પોતાની બુદ્ધિ આદિ શક્તિઓ ઉપર ભરોસો રાખનાર છે, તે લોકો જ્યોતિષ ઉપર કદી શ્રદ્ધા રાખતા નથી, જ્યોતિષે કદી કોઇને ફાયદો કર્યો હોય એવો કોઈ દાખલો સર્વમાન્ય થઇ પ્રસિદ્ધિમાં આવ્યો નથી; પણ જ્યોતિષીએ ભવિષ્ય કહેલું ખરૂં માની બેસવાથી કેટલાક નિર્બળ મનના માણસોને ઘણું નુકસાન વેઠવું પડયું છે, તેના દાખલા પુષ્કળ છે. આ વાર્તા માંહેલા પાદશાહના વઝીરે જો જ્યોતિષીનું માથું ઉડાવી દીધું ન હત તો પાદશાહ જ્યોતિષીની વાણીરૂપ શસ્ત્રથી મરાયો હોત એ વાત નિઃસંદેહ છે.

વાર્તા ૬૦ મી.

એક શખ્સ ઘણો ભૂખ્યો હતો, તેણે એક આરબને તળાવની પાળે જમતો દીઠો, તેની પાસે તે ગયો અને તેને કહ્યું કે "હું તારે ઘેરથી આવું છું," આરબે પૂછ્યું કે "મારી સ્ત્રી, બચ્ચાં, ઊંટ, સર્વે ખુશીમાં છે?" તેણે જવાબ દીધો કે "હા." તેથી તે આરબને સંતોષ થયો, એટલે તેની તરફ તેણે ફરી જોયું નહિ, ત્યારે તે માણસે કહ્યું કે "અરે ! આરબ ! આ કૂતરો જે તારી પાસે સૂતો છે તે, તારો કૂતરો જો આ વખતે જીવતો હોત તો તેના જેવો જ છે." આથી પેલા આરબે માથું ઊંચું કર્યું અને પૂછ્યું કે "મારો કૂતરો શી રીતે મરી ગયો? તેણે જવાબ દીધો કે "તેણે ઊંટનું માંસ ઘણું ખાધું હતું તેથી." આરબે કહ્યું કે "મારા ઊંટનું મરવાનું કારણ શું"? તેણે કહ્યું કે "તારી સ્ત્રી મરી ગઇ તે પછી કોઇએ તેને ઘાસ, દાણો, કે પાણી આપ્યું નહિ તેથી." તેણે પૂછ્યું "મારી સ્ત્રી કેમ મરી ગઇ?" પેલા શખ્સે કહ્યું કે "તેને તારા છોકરાની ઘણી દિલગીરી લાગી તેથી તે પોતાની છાતી તથા માથું પત્થરથી કૂટીને મરી ગઇ." આરબે કહ્યું કે "મારો છોકરો શી રીતે મરી ગયો?" તેણે જવાબ દીધો કે "તેના ઉપર તારૂં ઘર તૂટી પડયું તેથી." (એ રીતે) જ્યારે પેલા આરબે પોતાનાં કુટુંબના નાશ વિષેની વિગત સાંભળી, ત્યારે તેણે પોતાનાં માથા ઉપર ધૂળ નાંખી (અને પેલું ભોજન પડતું મૂકી ચાલ્યો ગયો તેથી) પેલા શખ્સે આવી યુક્તિથી ભોજન મેળવ્યું.

સાર—(૧) મતલબી અને લુચ્ચા લોકો કેવી નીચ અને નિંદક યુક્તિથી પોતાનો સ્વાર્થ સાધે છે, તેનું આ અસરકારક દૃષ્ટાંત છે. (૨) દુષ્ટ લોકો ધારે તો ઘણું ખરાબ કરી શકે એ વિષે એક હિંદી કવિ કહે છે કે "દુષ્ટ સો કાજ કહા ન બિગારે ?".

વાર્તા ૬૧ મી.

એક કંજુસે પોતાના કોઇ દોસ્તને કહ્યું કે "મારી પાસે એક હજાર રૂપિયા છે, તે હું શહેરની બહાર દાટીશ, આ છૂપી વાત તારા સિવાય બીજા કોઇને કહીશ નહિ." ટુંકામાં તેઓ બંને શહેર બહાર ગયા અને એક ઝાડ નીચે તે પૈસા દાટયા. થોડા દિવસ પછી તે

કંજુસ એકલો પેલા ઝાડ પાસે ગયો, પણ તેણે પૈસાનું કાંઇ નિશાન દીઠું નહિ, જેથી તે પોતાના મનમાં બોલ્યો કે "મારા પેલા દોસ્ત સિવાય પૈસા બીજા કોઇએ લીધા નથી, પણ જો હું તેને પૂછીશ તો તે કબૂલ કરશે નહિ." પછી તે કંજુસ તેના પેલા દોસ્તને ઘેર ગયો અને તેને કહ્યું કે "હમણા ઘણો પૈસો મારી પાસે આવ્યો છે તે હું તેજ (પહેલાંની) જગાએ દાટવા માગું છું, જો તું કાલે મારી સાથે આવે તો આપણે સાથે ચાલીએ." પેલા દોસ્તને આવી મોટી રકમનો લોભ લાગ્યો, તેથી આગળના પૈસા તેણે જે જગોએથી કહાડયા હતા તે જગોએ પાછા તે જઇને દાટી આવ્યો. બીજે દિવસે કંજુસ એકલો ગયો અને તેના પૈસા તેને મળ્યા. તે પોતાની યુક્તિથી (ફતેહ પામ્યો તેથી) ખુશી થયો. ફરી તેણે કદી દોસ્તોનો વિશ્વાસ કર્યો નહિ.

સાર—માણસની યોગ્યતાનો વિચાર કર્યા વગર જેમાં કાયદેસરના ઇલાજ કામ ન આવે એવી રીતે પૈસાનો વ્યવહાર કરવો નહિ. અતિ જરૂર હોય તોપણ સામા માણસની યોગ્યતા વિચાર્યા વગર જેથી સામો માણસ અયોગ્ય લાભ મેળવી આપણને નુકશાન કરી શકે એવી છૂપી વાત કોઇને કહેવી નહિ, તેવી વાતમાં ફસાયા પછી બની શકતું હોયતો યુક્તિથીજ કામ પાર પાડવું પણ જ્યાં કાયદો કે સત્તા આપણને મદદ ન કરી શકે ત્યાં તેવી જાતના બળની આશા રાખવી નહિ.

સમાપ્ત.

ભુજ "સરસ્વતી શૃંગાર" ઑફિસમાં મળતાં પુસ્તકોઃ—

વાર્ત્તા વિનોદ-પ્રથમ દર્શન—કિંમત રૂ. ૧॥ પોસ્ટેજ ०)=. એમાં એકાવન વાર્ત્તાઓનો અપૂર્વ સંગ્રહ છે; ગુજરાતી ભાષામાં થયેલાં છૂટક વાર્ત્તાઓનાં પુસ્તકોમાં આ ગ્રંથ ઘણી ઊંચી જગ્યા મેળવે છે, એવો વિદ્વાનોનો મત છે. "**સરસ્વતી શૃંગાર**" ના ગ્રાહકોને પોસ્ટેજ સાથે રૂ. ૧) એકમાં મળેછે.

ભગવત પિંગળ—આજ સુધીમાં ગુજરાતી ભાષામાં બહાર પડેલાં પિંગળનાં પુસ્તકો કરતાં આ ગ્રંથ ઘણા વધારે અને સૂક્ષ્મ બાબતોના ખુલાસા બતાવેછે. **માત્રા અને વર્ણના** ગણિત ઉપરાંત ગુજરાતી વાચકવૃંદને કેવળ નવોજ "**ગાહાનો ગણિત ભેદ**" આ ગ્રંથમાં બહોળા વિસ્તારથી આપેલો છે. આ પુસ્તકની કિંમત રૂ. ૧) છે, પણ "**સરસ્વતી શૃંગાર**" ના ગ્રાહકોને તે પોસ્ટેજ સાથે માત્ર રૂ. ०॥। માં આપવામાં આવશે.

વિદુરનીતિ—કિંમત રૂ. ०॥= પોસ્ટેજ ०)-. આ આર્યોના સર્વોત્તમ નીતિ ગ્રંથનું કવિતા રૂપ ભાષાંતર નામદાર ગાયકવાડ સરકારના કેળવણીખાતે ઇનામ અને સ્કૂલ લાયબ્રેરીઓ ખાતે મંજુર કર્યું છે. તથા પ્રસિદ્ધ ગુર્જ્જર વિદ્વાનોએ એના વિષે ઉત્તમ અભિપ્રાયો આપેલા છે. રૉયલ ૧૨ પેજી ૧૫૦ પૃષ્ટ. જથાબંધ ખરીદનાર બુકસેલરો વગેરેને ઘણું સારૂં કમીશન આપવામાં આવશે.

સુખસન્માર્ગ—કિંમત રૂ. ૧ પોસ્ટેજ ०)=. જાણિતા કચ્છી વિદ્વાન લેખક રા. રા. સચેદિનાભાઇ નાનજીઆણી કૃત આ ઉત્તમ ગ્રંથ વિષે વિદ્વાનોએ ઘણા ઊંચા અભિપ્રાય આપેલા છે. ખરેખર તે આ સંસારની વિકટ મુસાફરીનો એક ઉત્તમ ભોમિયો છે. ડેમી ૧૨ પેજી ૪૦૫ પૃષ્ટ.

કાવ્યકળાધર-કળા ૧ લી—આ પુસ્તકમાં ગુજરાતી, કચ્છી, હિંદી વગેરે ભાષાની ઘણી ઉત્તમ કવિતા સમાવેલી છે. કદ ડેમી ૧૨ પેજી આશરે ૧૦૦ પૃષ્ટ.

મોજદીન મહેતાબ—આ શૃંગાર રસની અસલી હિંદી દોહરા સાથેની અદ્દભુત વાર્ત્તા ઘણી લોકપ્રિય નીવડી છે. તે એક વાર હાથમાં લીધી તો પૂરી કર્યો વગર મૂકાયજ નહિ એવી રસિક છે. વળી ગમેતેટલી વાર વાંચ્યા છતાં ફરી વાંચવાનું અને તેમાંની ઉત્તમ કવિતા કંઠે કરવાનું મન થાય છે. રૉયલ ૧૬ પેજી ૫૦ પૃષ્ટ.

સાત ખૂન—આ એક બંગાળી અદ્દભુત ડિટેક્ટીવ નૉવેલનું ગુજરાતી ભાષાંતર છે. તે "**સરસ્વતી શૃંગાર**" ના ગ્રાહકોને ભેટ આપવા માટે ખાસ તૈયાર કરાવવામાં આવ્યું છે. જ્યારે અંગ્રેજ અને ફ્રેન્ચ ડિટેક્ટીવ અમલદારોનાં અદ્દભુત પરાક્રમો વાંચિયે છિયે, ત્યારે આપણને સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થાયછે; પરંતુ આ બંગાળી ડિટેક્ટીવ અ-

મલદારનાં સાહસ, પરાક્રમ અને બુદ્ધિ તો તે સર્વેને દૂર બેસાડે તેવાં છે. જેમનું ચાલતી (સં. ૧૯૫૭ની) સાલ શીખેનું લવાજમ આવી ગયું હશે, એવા જૂના તેમજ નવા તમામ ગ્રાહકોને ૧ આનો પોસ્ટેજનો મોકલેથી આ **હિંદી નૉવેલનું પુસ્તક ભેટ મળશે.**

વીરેન્દ્રવીર અથવા લોહી ભરેલો પ્યાલો—કાશી નિવાસી બાબૂ દેવકીનંદન ખત્રી પ્રણીત વીર અને અદ્ભુત-રસથી ભરપૂર ઉત્તમ નૉવેલનું ભાષાંતર. આ નૉવેલ પણ ઘણી રસિક અને બોધક છે. મૂળ હિંદીમાં તેની અનેક આવૃત્તિઓ થયેલી છે. અસૂલ ગ્રંથની કિંમત રૂ. ૦-૧૦-૦ છે, છતાં આ ભાષાંતરની કિંમત માત્ર રૂ. ૦-૮-૦ રાખી છે. ચાર પ્રત સાથે મંગાવનારને પોસ્ટેજ માફ. દશે એક પ્રત ભેટ, ૧૧ થી ૨૦ સુધી લેનારને ૧૫ ટકા, ૨૦ થી ૫૦ સુધી ૨૦ ટકા અને તે ઉપરાંત ખરીદનારને ૨૫ ટકા કમિશન વાળી આપવામાં આવશે. ગ્રાહક થવા ઇચ્છનારે ભુજ "સરસ્વતી શૃંગાર ઑફિસ"માં નામો નોંધાવવાં

રસરાજ—પ્રસિદ્ધ હિંદુસ્તાની કવીશ્વર શ્રીમતિરામ કૃત. આ હિંદી રસગ્રંથનું પુષ્કળ ટીકા અને વિવેચન સાથે જે ભાષાંતર "સરસ્વતી શૃંગાર" માં છૂટક છપાય છે, તેજ પુસ્તકના આકારમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પુસ્તકનું ભાષાંતર ઉક્ત માસિકમાં પ્રગટ થવા માંડ્યા બાદ બીજા એક ગૃહસ્થે તેનું ભાષાંતર કરવા માંડ્યું છે, એવી અમને ખબર મળી હતી અને હાલ તેની જાહેર ખબરો તથા હેન્ડબીલો પણ જોવામાં આવ્યા છે. પરંતુ જેણે સરસ્વતી શૃંગારનું **रसराज** લેવું હોય, તેમની ભૂલ ન થવા માટે આ થોડી લીટીઓ પ્રગટ કરીછે. કિંમત રૂ. ૧-૦-૦ પોસ્ટેજ ૦)=

લગ્ન—પ્રસિદ્ધ મસ્તિષ્ક વિદ્યાશાસ્ત્રી અંગ્રેજ ડૉક્ટર આર. બી. ડી. વેલ્સના "મેરેજ" નામના અતિ ઉત્તમ અને લોકોપકારી ગ્રંથનું આ ભાષાંતર પણ કટકે કટકે "સરસ્વતી શૃંગાર" માં પ્રગટ થાયછે, તે થોડાજ વખતમાં પૂર્ણ થતાં પુસ્તક તરીકે બહાર પાડવામાં આવશે. કિંમત રૂ. ૦-૮-૦ ગ્રાહક થવા ઇચ્છનારે ભુજ "સરસ્વતી શૃંગાર" ઑફિસમાં નામો નોંધાવવાં.

ખાસ લાભ—"સરસ્વતી શૃંગાર" માસિકના અધિપતિએ રચેલાં કિંવા પ્રગટ કરેલાં તમામ પુસ્તકો ઉક્ત માસિકનાં ગ્રાહકોને ૨૫ ટકા કમિશનથી વેચાતાં મળશે.

ગ્રંથકારો અને બુકસેલરોને સૂચના.

સારા ગ્રંથકારો અને પ્રતિષ્ઠિત બુકસેલરોનાં પુસ્તકો "સરસ્વતી શૃંગાર" ઑફિસ વાજબી કમિશને વેચી આપશે. માટે જેમને એજંટની જરૂર હોય તેમણે ખુશીથી પત્ર વ્યવહાર ચલાવવો. વળી ઉક્ત માસિકની ઑફિસમાં વેચાતાં પુસ્તકોનું લીસ્ટ પણ તેમાં વારંવાર પ્રગટ કરવામાં આવશે, તેથી પુસ્તકો વેચનારને સારો લાભ થવા વકી છે.

કચ્છ—ભુજ. } **જીવરામ અજરામર ગોર.**
અધિપતિ "સરસ્વતી શૃંગાર."